Saturday 28, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૨૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# મોતીવાડાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૬૮૧ લાભાર્થીઓને સાધન સહાય વિતરણ

## લાભાર્થીઓને કુલ રૂ. ૩,૭૮,૭૯,૦૭૩ની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું : વલસાડ જિલ્લામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં મહિલા સશક્તિકરણના દર્શન થયા : મંત્રી કનુભાઈ દેસાઈ

**વલસાડ, તા. ૨૭ :** રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાડા ખાતે શ્રી દક્ષિણ વિભાગ કોળી સમાજની વાડીમાં ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. જેમાં વિવિધ કલ્યાણકારી યોજનાના કુલ ૧૬૮૧ લાભાર્થીઓને કુલ રૂા. ૩,૭૮,૭૯,૦૭૩ની સાધન સહાય ચૂકવવામાં આવી હતી.



આ પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ જનમેદનીને સંબોધી જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારથી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો પ્રારંભ કરાવી સમાજના દરેક વર્ગના સર્વાંગી વિકાસની યાત્રા શરૂ કરાવી હતી, જેને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે.

મંત્રી કનુભાઈએ વધુમાં જણાવ્યું કે, ૨૦૦૯થી અત્યાર સુધીના મેળાનો ૧ કરોડ ૬૬ લાખ લોકોએ લાભ લીધો છે. આજે અહીં વિશેષ વાત એ છે કે, સૌથી વધુ લાભાર્થી મહિલાઓ છે. આ ગરીબ કલ્યાણ મેળામાં મહિલા સશક્તિકરણના દર્શન થયા કુલ ૧૬૮૧ લાભાર્થીમાંથી ૧૨૪૦ મહિલા લાભાર્થી હતાં. જ્યારે ૪૪૧ પુરૂષ લાભાર્થી હતાં. લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સાધન સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, માજી જિલ્લા પંચાયત પ્રમુખ અલકાબેન શાહ, જિલ્લા કલેકટર નૈમેષ દવે, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલા, પ્રૉબેશનરી આઈએએસ પ્રસન્નજીત કૌર, નિવાસી અધિક કલેકટર અનસૂયા જહાં સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. સ્વાગત પ્રવચન જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે કર્યુ હતું. જ્યારે આભારવિધિ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અશોક કલસરિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશ સોનીએ કર્યુ હતું.



વાપીના ચલા દમણ મુખ્ય માર્ગ ઉપર આવેલ સ્ક્વેર બિલ્ડિંગની સામે વરસાદી પાણીની ગટરનો સ્લેબ તૂટી જવા પામ્યો છે. જે અંગે સ્થાનિકો દ્વારા અનેક રજૂઆત કરવા છતાં પણ રીપેરીંગ નહીં કરાતા આજે આ ખાડામાં એક કારનું આગળનું વ્હીલ પડી જવા પામ્યો હતો. જેને કારણે ભારે નુકસાન થવા પામ્યું હતું જો કે વાપી પંથકમાં અનેક વિસ્તારોમાં ડ્રેનેજ લાઈન તૂટી જવાના તેમજ રસ્તાઓ પર ખાડા પડવાના બનાવથી નગરજનો પહેલેથી જ ત્રાહિમામ પોકારી રહ્યા છે તેમ છતાં અહીં રીપેરીંગ કામ કેમ હાથ ધરવામાં નથી આવતું તેવા પ્રશ્નો પણ નગરજનો કરી રહ્યા છે.

# દાનહ સાંસદ કલાબેનની હોમ અફેર્સ કમિટિમાં નિમણુંક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૭ :** દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરને ભારત સરકારના ગૃહ મંત્રાલયની ગૃહ બાબતોની સમિતિમાં સભ્યપદ મળતાં સંઘપ્રદેશમાં સંગઠન અને સમર્થકોમાં આનંદની લાગણી ફેલાઈ છે અને તેમને અભિનંદન અપાઈ રહ્યા છે.



ઉલ્લેખનિય છે કે, તા.૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી ગૃહ બાબતોની સમિતિની યાદીમાં સાંસદ શ્રીમતી કલાબેન મોહનભાઈ ડેલકરનું નામ સામેલ કરવામાં આવ્યું હતું. આ કમિટીમાં લોકસભા અને રાજ્યસભાના સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન ડેલકરે આ નિમણુંક માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડ જિલ્લામાં ખાનગી હોસ્પિટલોએ ઉસેટી લીધેલા ચાર્જના નાણાં પરત કરાવાયા

## આયુષ્માન કાર્ડ હોવા છતાં દર્દીઓ પાસે કેટલીક હોસ્પિટલોએ રૂા. ૨,૬૫,૮૮૪ પરત કરાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** ભારત સરકાર દ્વારા આયુષ્માન કાર્ડ ખાનગી હોસ્પિટલોમાં ચાલતો હોવા તેમ છતાં કેટલાક દર્દીઓ પાસેથી પૈસા લીધા હોવાની ફરિયાદ થતા સીડીએચઓએ વલસાડ જિલ્લાની ખાનગી હોસ્પિટલો દ્વારા ૨,૬૫,૮૮૪ રૂપિયાનો ચાર્જ વસુલતા જિલ્લા આરોગ્ય વિભાગની નિમણૂંક કરવામાં આવેલી કમિટીએ દર્દીઓને પૈસા અપાવ્યા અને ખાનગી હોસ્પિટલ સામે પૈસા લેવા બાબતે દંડ પણ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું છે. વલસાડ જિલ્લામાં ૧૧ લાખમાંથી ૮ લાખ જેટલાના આયુષ્માન કાર્ડ આપ્યા છે.

ભારત સરકાર દ્વારા એબીપીએમજીએ વાયએમએ યોજનાનો લાભ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મળે તેવા શુભ હેતુથી આ યોજનાનો મૂકવામાં આવી હતી. જોકે વલસાડ જિલ્લાની ૧૬ જેટલી હોસ્પિટલોમાં આયુષ્માન ભારત કાર્ડ સરકાર દ્વારા આપવામાં આવી છે. આયુષ્માન ભારત કાર્ડ વલસાડની ૧૬ જેટલી ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં એમ્પલાઈમેન્ટ થયેલા છે જે આયુષ્યમાન કાર્ડ ધારકોને આયુષ્યમાન કાર્ડમાં કેશલેસ સારવાર આપવામાં આવે છે. એબીપીએનજેએવાયએમએ યોજના હેઠળ વલસાડમાં વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના વર્ષમાં ખાનગી હોસ્પિટલ દ્વારા લાભાર્થી પાસેથી આયુષ્યમાન કાર્ડ હોવા છતાં ચાર્જ લેવામાં આવ્યા હોવાની ફરિયાદ ઉઠી હતી જે અંગે વલસાડ જિલ્લા ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર ડૉ. કે.પી. પટેલે જણાવ્યું હતું કે (અનુ. પેજ નં.૭ પર)

# વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી પાંચ રસ્તાઓ બંધ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** રાજ્ય હવામાન વિભાગ દ્વારા આગામી ૧૦ દિવસ સુધી વરસાદની આગાહી આપ્યા બાદ વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કડાકા ભડાકા સાથે રાત્રે મુશળધાર વરસાદ પડતા ડુબાણવાળા પુલ ઉપરથી પાણી ફરી વળતા વલસાડ, ધરમપુર, કપરાડા વિસ્તારના પાંચ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે રાત્રે વલસાડ છીપવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણી ભરાતા રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જ્યારે વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વલસાડમાં પાંચ ઈંચ, પારડીમાં પાંચ ઈંચ, ઉમરગામમાં બે ઈંચ અને વાપીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે ધરમપુર અને કપરાડા તાલુકામાં છૂટો છવાયો વરસાદ પડ્યો છે.

ગુજરાત રાજ્ય હવામાન વિભાગ દ્વારા ૨૫મી સપ્ટેમ્બરથી દસ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. (અનુ. પેજ નં.૭ પર)

# વલસાડમાં ગ્રામીણ વિસ્તારનાં નાગરિકોને આધારકાર્ડમાં સુધારા માટે ધરમધક્કાની નોબત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના અંતરીયાળ ધરમપુર, કપરાડાના અંતરીયાળ વિસ્તારમાંથી આદિવાસીઓ પોતાની રોજી રોટી છોડી આધારકાર્ડ અપડેટ કરવા માટે આખે આખો દિવસ બગાડવા તેમ છતાં અધિકારીઓ બીજા દિવસે આવજે એમ કહી દેતા આદિવાસીઓને ધરમધક્કા ખવડાવી રહ્યા હોય તેવી ફરિયાદો ઉઠી છે. જિલ્લામાં ૧૮ પ્લસ આધાર કાર્ડ અપડેટ માત્ર કીટ ઉપલબ્ધ છે. આધારકાર્ડ અપડેટ કરવા માટે ધરમપુર અને કપરાડાના લોકોએ પારડી અથવા વલસાડ સુધી આવવું પડે છે.

દરેક જિલ્લામાં સેવા સદનમાં આધાર કાર્ડ અપડેટ કરાવવા માટે લાંબી લાઈનો લાગતા વલસાડ જિલ્લાના અંતરયાળ અને આદિવાસી વિસ્તાર એવા ધરમપુર, કપરાડાથી આવતા લોકો પરેશાન થઈ રહ્યા છે. ઊંડાણના આદિવાસી જેઓ મજૂરી કરી રોજી રોટી મેળવે છે તેઓ પણ મજૂરી મૂકી આધારકાર્ડ અપડેટ કરવા માટે વહેલી સવારથી જ કચેરી આવી ઓફિસ ઓફિસે વલખા મારી રહ્યા છે. ત્રણથી ચાર ધક્કા ખાતા પણ આધારકાર્ડ બનતો નથી. ધરમપુર તેમજ કપરાડાના આદિવાસીઓ વલસાડ સુધી કાર્ડ બનાવવા માટે આવું પડે છે. કારણ ધરમપુરમાં ખૂબ લાંબી લાઈનના કારણે તેઓ એવું વિચારે છે કે વલસાડમાં થઈ જશે પણ લાંબી કતારના કારણે વિલે મોઢે તેઓ પાછા જાય છે.

શાળાના વિદ્યાર્થીઓ તેમજ નાના બાળકોને કાર્ડ કઢાવવા માટે આવે છે. આજરોજ વલસાડની આ સેવા કેન્દ્રમાં બે પંખામાંથી એક બગડી જવાથી ગરમીનો પારો (અનુ. પેજ નં.૭ પર)

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

**ભરતી કરવાની છે**

વાપી-છરવાડા ખાતે આવેલ ભારતી વિલા કલબ એન્ડ રીસોર્ટ પ્રા.લી. માટે મેઈટેનન્સનું કામ કરી અને કરાવી શકે એવા સુપરવાઈઝરની ભરતી કરવાના છે.

મો.નં. - 9879463248

VIMAL POWERS
V-GUARD

ઘર હોય કે ઓફિસ
સ્ટાઈલિશ અને ડીઝાઈનર પંખા તો
V- GUARD ના જ

ડીસ્ટ્રીબ્યુટર : **વિમલ પાવર્સ, વાપી**
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય

રેશનકાર્ડ ધારકોના
e-KYC બાબતની જાણકારી

e - KYC એટલે રેશનકાર્ડ ધારક કુટુંબના તમામ સભ્યોની વ્યક્તિગત ઓળખની ખરાઈ.

રેશનકાર્ડ ધારક ૩(ત્રણ) રીતે e-KYC કરાવી શકે છે.

- ઘરેબેઠાં "My Ration" Mobile Application થી કુટુંબના તમામ સભ્યોનું e - KYC થઈ શકે છે.
- ગ્રામ્ય સ્તરે ઈ–ગ્રામ કેન્દ્રમાં V.C.E મારફત.
- તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરીમાં, મહાનગર પાલિકામાં પુરવઠા વિભાગની ઝોનલ કચેરીમાં રૂબરૂમાં જઈને.

- e-KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની માત્ર વિગતો જ આપવાની રહે છે.
- કોઈ દસ્તાવેજની ઝેરોક્ષ કોપી આપવાની જરૂર નથી.
- e-KYC કરાવવા માટે બેંક એકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી.
- રેશનકાર્ડધારકે પોતાની કોઈપણ ખાનગી માહિતી અન્ય ત્રાહિત વ્યક્તિને આપવી નહીં.

MY RATION
Google Play store પરથી ડાઉનલોડ કરી શકાશે.

"આપના રેશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશનો મહત્તમ ઉપયોગ કરવા વિનંતી."

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ પર સંપર્ક કરવા વિનંતી.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## દાનહમાં મચ્છર સંવર્ધન સ્થળોએ સ્વચ્છતા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,, તા. ૨૭ :** વરસાદી ઋતુ દરમિયાન ડેન્ગ્યુના રોગને ફેલાતો અટકાવવા અને નિયંત્રણ કરવા માટે વહીવટી તંત્રએ ખાસ રણનીતિ બનાવી હતી.આ અંતર્ગત પ્રદેશમાં ફ્રાઈડે ડ્રાય ડે પહેલ હેઠળ ખુલ્લામાં રહેલું પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. અને મચ્છરોના બ્રીડિંગ સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો. આ પહેલમાં પ્રદેશના તમામ ગામો અને નગર પાલિકા વિસ્તારોના દરેક વોર્ડમાં આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયતના કર્મચારીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને જેમાં ઔદ્યોગિક એકમોના કામદારોએ સક્રિય ભાગ લીધો હતો. આ ઉપરાંત જનજાગૃતિ અભિયાન પણ વ્યાપક સ્તરે હાથ ધરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગે સામુદાયિક સભાઓ દ્વારા લોકોને ડેન્ગ્યુના લક્ષણો વિશે માહિતગાર કર્યા હતા અને નિવારણના ઉપાયો અને સારવાર વિશે માહિતી આપી હતી.અને ઘણી જગ્યાએ ઔદ્યોગિક એકમોના કામદારો રેલી યોજી લોકોને ડેન્ગ્યુ અંગે જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા દાદરા અને નગર હવેલી જિલ્લાના ચીફ મેડિકલ ઓફિસરે જણાવ્યું હતું કે ડેન્ગ્યુથી બચવા માટે મચ્છર ઉત્પત્તિના સ્થળોનો નાશ કરવો ખૂબ જ જરૂરી છે.

અત્યાર સુધીમાં ડેન્ગ્યુના કેસમાં ઘટાડો થયો છે, પરંતુ સતત વરસાદને કારણે નવા પ્રજનન સ્થળો ઉભરી રહ્યા છે. જેના કારણે ડેન્ગ્યુ ફેલાવાની સંભાવના વધી રહી છે. તેમણે લોકોને તેમના ઘરની અંદર રહેવાની અપીલ કરી હતી આજુબાજુના વિસ્તારોમાં પાણી એકઠું ન થવા દેવા, જેથી મચ્છરોના બ્રીડિંગથી બચી શકાય. ડેન્ગ્યુ ફેલાવનાર મચ્છર દિવસ દરમિયાન કરડે છે, તેથી દિવસ દરમિયાન સંપૂર્ણ બાંયના કપડાં પહેરો અને શરીરને ઢાંકીને રાખવા માટે કહ્યું હતું. ઘરોમાં મચ્છરોને ભગાડવા માટે ધૂપ, V- અથવા ક્રીમનો ઉપયોગ કરો. કદનમાં સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો અને જો કોઈને ડેન્ગ્યુના લક્ષણો દેખાય તો જાતે દવા ન લેવી અને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં જવાની સલાહ આપી હતી.

## દશવાડામાં યુવાને ફાંસો ખાઇ આત્મહત્યા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૭:** પારડી તાલુકાના દશવાડા ગામે રહેતા ૩૭ વર્ષના યુવાને પોતાના ઘરે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતા કુટુંબમાં ગમગીની છવાઈ છે. અહીં દસવાડા ગામમાં વાવ ફળિયા ખાતે પોતાનો ૧૧ વર્ષના બાળક અને પત્ની હર્ષિદાબેન તેમજ માતા-પિતા અને ભાઈઓ સાથે સહિયારા કુટુંબમાં રહેતા ગીરીશભાઈ સુમનભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૭ એ ગત ગુરૂવારના રાતે ૮:૩૦થી નવ વાગ્યાની આસપાસ પોતાના ઘરમાં પંખા સાથે ચાદર બાંધી ગળે ફાંસો ખાઈ ગયા હતા. ગીરીશભાઈને પરિવારજનોએ ફાંસો ખાધેલી હાલતમાં જોતા તાત્કાલિક તેને નીચે ઉતારી સારવાર પારડી મોહનદયાળ હોસ્પિટલ લઈ સારવાર અર્થે લઈ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે ગીરીશભાઈને મૃત જાહેર કર્યો હતો. અચાનક યુવાને આત્મહત્યા કરતા પરિવારજનોમાં આભ તૂટી પડી છે અને શોક છવાઈ ગયો છે ત્યારે આ બાબતે પારડી પોલીસ મથકે જાણ કરવામાં આવતા પારડી પોલીસે શુક્રવારના રોજ પીએમ કરાવી અકસ્માત મોત દાખલ કરી વધુ તપાસા ધરી છે.

## દાનહ કોંગ્રેસ નેતા પ્રભુ ટોકીયાએ ભાજપના નેતાનો ઉધડો લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,, તા. ૨૭ :** ભાજપ સદસ્યતા અભિયાન ચલાવી રહ્યું છે પરંતુ લોકોની સમસ્યાના ઉકેલ માટે ભાજપના નેતા બોલવા માટે તૈયાર નથી તેવું પ્રભુ ટોકીયાએ જણાવ્યું હતું. દાનહ કોંગ્રેસના નેતા પ્રભુ ટોકીયાએ ભાજપના નેતાઓનો ઉધડો લીધો હતો. પ્રભુ ટોકીયાએ કહ્યું હતું કે દાનહ ભાજપ દ્વારા પ્રદેશમાં સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ પ્રદેશમાં લોકને જે સમસ્યા છે એના માટે ભાજપના નેતાઓ બોલતા નથી. કલેક્ટર કચેરીમાં સિલિંગ તૂટી પડવાની ઘટનામાં તેમણે પ્રશાસન ઉપર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે ભ્રષ્ટાચાર ઉપર ભાજપા નેતાઓ કેમ ચૂપ છે.

## સુબીરનાં કડમાળમાં બળદ પર વૃક્ષ પડતા ઘટના સ્થળે બે બળદનાં મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૭:** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં કડમાળ ગામે ઘાસચારીને પરત ફરતા ૧૦ -૧૨ બળદ પર અચાનક વૃક્ષ ધરાશઈ થઈ પડતા આકસ્મિક ઘટના સર્જાઈ હતી. જેમાં બે બળદનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતું. ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં કડમાળ ગામનો રહીશ જંગલમાં બળદને ઘાસ ચરવા માટે લઈ ગયા હતાં. જો કે ત્યાંથી પરત ફરતી વેળાએ ભારે પવન અને વરસાદનાં કારણે મહેશભાઈ મંગુભાઈ ભોયેની જમીનમાંથી પસાર થતી વખતે બળદો પર અચાનક વૃક્ષ ધરાશઈ થઈ પડતા આકસ્મિક દુર્ઘટના સર્જાઈ હતી. અચાનક વૃક્ષ ધરાશઈ થતા દસ-બાર બળદમાંથી બે બળદને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતું. જેમાંથી એક બળદ કમલેશભાઈ ઝીપરભાઈ દારવાડ અને બીજો બળદ શુક્કર નવસુ દારવાડના હોવાનું જાણવા મળેલ છે. આ બનાવને લઈને તલાટી કમ મંત્રી કડમાળ દ્વારા એમ.બી. હાથીવાલા તાલુકા વિકાસ અધિકારી સુબિરને દુર્ઘટના અંગેનો પ્રાથમિક રિપોર્ટ મોકલવામાં આવેલ છે. તેમજ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## વાલઝરમાં દીપડાના હુમલાનો ભોગ બનેલી બાળકીને શ્વાસનળીમાં બીજી નળી ઉતારી જીવતદાન અપાયું હતું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા.તા.૨૭:** ગઇ કાલે રાત્રે મોટી વાલઝર ગામે ૬ વર્ષની બાળાને દિપડા દ્વારા ઉપાડી જવાની ઘટનામાં સૌ પ્રથમ સારવાર કરનાર હોસ્પિટલના ડોક્ટર લોચન શાસ્ત્રીના જણાવ્યા મુજબ બાળકીને માથાના પાછળના ભાગે મોટા ઘા હતા સાથે જ ગળામાં અને ગાલમાં પણ ઉંડા ઘા હતા. શ્વાસનળીમાં ઈજા થવાને લીધે બાળકીને શ્વાસ લેવામાં ખુબ જ તકલીફ પડી રહી હતી. સમયસર સારવારના કારણે બાળાની શ્વાસનળીમાં બિજી નળી નાંખી કુત્રિમ શ્વાસ આપીને બાળાનો જીવ બચાવવા સફળતા મળી હતી. ત્યાર બાદ વધુ સારવારની જરૂર હોય વલસાડના બાળકોના સ્પેશિયાલિસ્ટ ડોક્ટર આશિષ ગામીત તથા ઈમરજન્સીમાં ગળામાં કાણું પાડી શ્વાસ આપવાની જરૂર પડી શકે તેમ હોય વાપીથી ૨૧ સેન્ચ્યુરી હોસ્પિટલના સર્જન ડોક્ટર નિમેષ પટેલ તાત્કાલિક વાંસદા પહોંચ્યા હતાં. અને બાળકીને તપાસ કરી હજુ વધુ સારવારની જરૂર પડી શકે તેમ હોય, સૌ ડોક્ટરની ટીમ ભેગા મળી બાળકીને સુરત સ્થિત યુનિવર્સલ હોસ્પિટલ ખસેડવાની તૈયારી કરી હતી અને ત્યાંથી ડોક્ટર પાંચ જણની ટીમ સવારે ૩:૦૦ વાગ્યે વાંસદા આવી પહોંચી હતી અને બાળકીને સલામત રીતે સુરત ટ્રાન્સફર કરી હતી. સાંજે ૭:૦૦ વાગ્યાથી લઈ બાળકીને સવારે ૩:૦૦ વાગે શિફટ કરી ત્યાં સુધી સતત ખડે પગે ત્યાં હાજર રહી બાળકીને સહી સલામત રીતે સુરત પહોંચાડી હતી. આ સાથે જ ગુજરાત સરકારના ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ ખડે પગે હાજર રહ્યા હતા અને વાંસદાના ટીડીઓ પરમાર, નાયબ મામલતદાર હાજર રહ્યા હતા અને પ્રાંતે ટેલીફોનિક વાતચીત કરી બાળકીના સ્વસ્થ અંગે જાણકારી લઈ ચિંતા વ્યક્ત કરી હતી.

## વલસાડ ડી.એસ.પી.એ સિવિલ હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લા પોલીસ વડા સહિત ચાર પી આઈ તેમજ પોલીસના કાફલા સાથે આજરોજ વલસાડની સિવિલ હોસ્પિટલની અચાનક મુલાકાત લેતા હોસ્પિટલના તબીબો સ્ટાફ દોડતા થઈ ગયા હતા. જોકે ડીએસપીએ હોસ્પિટલ ના તમામ વિભાગનું નિરીક્ષણ કરી સિક્યુરિટી પાર્કિંગ સહિતની કેટલીક ખામીઓ વહેલી તકે પૂરી કરવા માટે હોસ્પિટલના મેનેજમેન્ટ વિભાગને સુચના આપી છે.વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલા આજરોજ વલસાડ સીટી પોલીસ મથકના પી.આઈ.ડી.ડી. પરમાર વલસાડ રૂરલ પોલીસ મથકના પી.આઇ.બી.ડી. જીત્યા, એલ આઈ.બી. પી આઇ સચિન પવાર, વલસાડ એલ.સી.બી. પીઆઇ ઉત્સવ બારોટ, જિલ્લા ટ્રાફિક પી.એસ.આઇ અમીરાજ સિંહ રાણા સહિતના પોલીસ કાફલા સાથે વલસાડની સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લેતા હોસ્પિટલ ના તબીબો અને સ્ટાફ દોડતા થઈ ગયા હતા. ડીએસપી વાઘેલાએ સિવિલ હોસ્પિટલના મેનેજમેન્ટ વિભાગ તથા અધિકારીઓ સાથે હોસ્પિટલના તમામ વિભાગનું સ્થળ નિરીક્ષણ કરતા તેઓને પાર્કિંગ, હોસ્પિટલ સિક્યુરિટી ગાર્ડ સહિત અન્ય કેટલીક ખામીઓ જોવા મળતા જે અંગે હોસ્પિટલના મેનેજમેન્ટ વિભાગને વહેલી તકે પૂરી કરવા સૂચના આપી હતી.

## દાનહમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેએ કાર્યકરો સાથે બેઠક કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,, તા. ૨૭ :** ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને સભ્યતા અભિયાનના રાષ્ટ્રીય સંયોજક વિનોદ તાવડે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના એક દિવસીય પ્રવાસે આવ્યા છે.

સેલવાસના અટલ ભવન ખાતે તેમણે પ્રદેશ અને જિલ્લા સ્તરના ભાજપના કાર્યકરો સાથે બેઠક કરી, જેની અધ્યક્ષતા પ્રદેશ અધ્યક્ષ દીપેશ ટંડેલે કરી હતી. આ બેઠકમાં દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન ડેલકર અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી.

પ્રદેશ સદસ્યતા અભિયાનના સંયોજક મહેશ અગરિયા, દાનહના પૂર્વ સાંસદ નટુભાઈ પટેલ, સેલવાસ શહેર જિલ્લા ભાજપ અધ્યક્ષ અજય દેસાઈ, દાનહ જિલ્લા પંચાયત પ્રમુખ દામજી કુરાડા, સેલવાસ નગર પાલિકા પ્રમુખ રજની શેટ્ટી, પ્રદેશ મહામંત્રી સુનિલ પાટીલ, જીતુભાઇ માઢા હાજર રહ્યા હતાં. અટલ ભવનના કાર્યક્રમ બાદ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેએ સેલવાસના વોર્ડ નંબર ૧૫ના આગ્રીવાડમાં સભ્યતા અભિયાન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## દમણ નિફટમાં હિન્દી પખવાડિયાનો કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૭ :** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી દમણ કેમ્પસ હિન્દી ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પખવાડિયા સુધી ચાલતા હિન્દી પખવાડાની ઉજવણી કરી રહ્યું છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નોન-ટીચિંગ સ્ટાફની સક્રિય ભાગીદારી સાથે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં હિન્દી નિબંધ લેખન, કવિતા પઠન, પેનલ ડિસ્કશન, હિન્દીમાં ફાઈલ નોટિંગ, પોસ્ટર મેકિંગ અને પેઈન્ટિંગનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ હિન્દી ભાષાના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો અને નિફટ સમુદાયની રચનાત્મક પ્રતિભાને પ્રદર્શિત કરવાનો હતો.

કેમ્પસ હિન્દી પખવાડાના સંયોજક ડો. રાહુલ કુશવાહાએ પણ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા અને શૈક્ષણિક અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. દમણ કેમ્પસ ખાતે હિન્દી પખવાડિયાની ઉજવણી ભાષાકીય વિવિધતા અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવા માટે નિફટની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## સાપુતારાનાં નાગેશ્વર મહાદેવ મંદિરમાં કથાકાર પૂ. રમેશ ઓઝાએ પૂજા કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૭ :** ગુજરાત રાજયના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝાએ સાપુતારા ખાતે નાગેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

સુપસિદ્ધ કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝાએ ગિરિમથક સાપુતારાનાં સર્પગંગા તળાવ કાંઠે આવેલ નાગેશ્વર મહાદેવ મંદિરમાં પોહચી શાસ્રોકત વિધિથી પૂજા અર્ચના કરી આસ્થાનું ભાથું અતૂટ કર્યુ હતુ.પૂજ્ય રમેશભાઈ ઓઝાની સાપુતારા ખાતે સાંદિપની સંસ્કાર ધામ નામની આદિવાસી કુમારોની ધો ૮ થી ૧૨ સુધીની શાળા આવી છે.જ્યાં આદિવાસી બાળકોને શિક્ષણ સહિત જીવનમૂલ્યો તથા સંસ્કૃતિનું સિંચન કરવામાં આવે છે. સાંદિપની વિદ્યા સંકુલ સાપુતારાનાં ૪૧૦ વિદ્યાર્થીઓએ વિશાળ રેલી કાઢી નાગેશ્વર મહાદેવ મંદિરમાં પોહચી પૂજા અભિષેક કરી પૂજ્ય રમેશભાઈ ઓઝાના સાથે આરતીનો લ્હાવો લઈ આસ્થા અને સંસ્કૃતિનું ભાથું બાંધ્યુ હતુ.

### દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

## એર ઈન્ડિયા દ્વારા વૈશ્વિક મુસાફરીને ઉન્નત બનાવવા A350ની રજૂઆત

**સુરત, તા. ૨૭ :** એર-ઈન્ડિયાએ તાજેતરમાં પોતાની અત્યાધુનિક એરબસ ખ્૩૫૦ની રજૂઆત સાથે દિલ્હી-લંડન રૂટ ઉપર પોતાની સેવામાં વધારો કર્યો છે. એરલાઇન આ સેવાને યુએસ તથા અન્ય આંતરરાષ્ટ્રીય સ્થળો સુધી વિસ્તારવાની યોજના પણ ધરાવે છે. વિહાન એ.આઈ. પહેલ હેઠળ એરલાઇનના જારી પરિવર્તનમાં આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જેનો ઉદ્દેશ તમામ લાંબા અંતરના રૂટ પર મુસાફરોના સુખદ અનુભવને વધારવાનો છે.

એર ઈન્ડિયા નવી દિલ્હી, મુંબઈ, દુબઈ, લંડન, ન્યૂયોર્ક અને સાન-ફ્રાન્સિસ્કો સહિતના મુખ્ય આંતરરાષ્ટ્રીય હબમાં વિશિષ્ટ લાઉન્જ સાથે મુસાફરીના અનુભવને પણ વધારી રહી છે. આ પ્રિમીયમ લાઉન્જ મહેમાનોને આરામ અને લક્ઝરીનું સીમલેસ (સરળ) મિશ્રણ પ્રદાન કરશે. શરૂઆતથી અંત સુધીની વિશ્વકક્ષાની સફરની ખાતરી કરાવશે.

એર ઈન્ડિયાના ફ્લેગશિપ કેરિયર A350 કામકાજમાં ફુલ-ફ્લેટ બેડ સાથે ૨૮ પ્રાઈવેટ સ્યુટ, વધારાના લેગરૂમ અને અન્ય એન્હાન્સમેન્ટ આપતી પ્રીમિયમ ઈકોનોમી કેબિનમાં ૨૪ બેઠકો અને ઈકોનોમીમાં ૨૬૪ લેટેસ્ટ જનરેશન સીટો ઓફર કરતી તાજી થ્રી-ક્લાસ ગોઠવણીનો સમાવેશ થાય છે. A350 પરની તમામ બેઠકો નવીનતમ પેઢીની Panasonic eX3 ઈન ફ્લાઈટ એન્ટરટેઈન્મેન્ટ સિસ્ટમ અને એચડી સ્ક્રીન સહિતની સેવા છે, જે ૧૦૦થી વધારે કલાક માટે ચોક્કસ શ્રેણી સાથે ૧૩ આંતરરાષ્ટ્રીય અને ૮ ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વભરમાંથી ૩૦૦૦ કલાકથી વધારે મનોરંજન સામગ્રી પ્રદાન કરે છે. તેને ટૂંક સમયમાં ઓનબોર્ડ વાઈ-ફાઈ દ્વારા પૂરક બનાવવામાં આવશે.

### દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**શનિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.૦૦ ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - પીટારા, ૨.૦૦ - જયુબીલી ઝંકાર, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - ફિર તુમ્હારી યાદ આઇ.

**સાંજે :** (દમણથી) ૫.૦૦ ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

### દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**રવિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત, ૨.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - સેલ્યુલોઈડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.




### આજનું પંચાગ

**તા.** ૨૮-૦૯-૨૦૨૪, **વાર:** શનિવાર, **તિથિ:** એકાદશી **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૧૧ **સૂર્ય અસ્ત :** ૧૮:૧૨ **ચંદ્રરાશિ:** કર્ક

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાચ તમને સાલશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે?

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

### વાપી ન.પા. પીડબ્લ્યુડી, પોલીસ વિભાગ તેમજ રેલ્વેની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરાયું

# વાપીમાં ઝંડા ચોકથી ફાટક સુધી સફાઇ માટે ચક્રવગતિમાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૭:** વાપીના ઝંડા ચોક થી જુના ફાટક સુધીના માર્ગ ઉપર રેલ્વે ઓવર બીજની કામગીરીને લઈ લગાવવામાં આવેલ બેરીકેટોને કારણે સ્થાનિક લોકોને પડતી મુશ્કેલી તેમજ અંડર બ્રિજ ના ખાડામાં ગંદકીનું સામ્રાજયથી રોગચાળો ફાટી નીકળવાની દહેજ અંગે ગઈકાલે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના નેજા હેઠળ વેપારીઓએ પી ડબ્લ્યુ ડી વિભાગને આવેદનપત્ર આપી તાત્કાલિક સમસ્યા દૂર કરવાની માંગ કરી હતી જેને ધ્યાને લઈ આજે પીડબ્લ્યુડી વિભાગ વાપી નગરપાલિકા પોલીસ વિભાગ તેમજ રેલ્વે ની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી સમસ્યાનો ઉકેલ લાવવાની તજવીજ હાથ ધરી હતી.

વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતો એકમાત્ર રેલવે ઓવરબ્રિજને ઉતારી તેના સ્થળે ૧૪૪ કરોડના ખર્ચે નવો ફોરલેન્ડ અને આધુનિક બનાવવાની કામગીરી શરૂ કરી હતી પરંતુ હાલમાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી ખૂબ જ ગોકુળ ગટીએ ચાલતી હોવાથી તેમજ જુના રેલ્વે ફાટકથી ઝંડા ચોક સુધીના માર્ગ ઉપર બંને સાઈડ બેરીકેટ તેમજ પતરા ની દિવાલ બનાવી દેવામાં આવતા અહીં રહેતા સ્થાનિક લોકો તેમજ વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો તેમ જ રેલવે અંડરવીજની કામગીરી દરમિયાન ખોદાયેલા ખાડામાં વરસાદી પાણી ભરાવાના તેમજ તેમાં ભારે ગંદકીને લઇ રોગચાળો ફાટી જવાની દેશદ ઉભી થતા ગઈકાલે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ફરહાન બોઘાની આગેવાની હેઠળ વેપારીઓએ એક આવેદનપત્ર આપી સ્થાનિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગે માંગ કરી હતી. જેને ધ્યાને લઈ આજે પી ડબ્લ્યુ ડી વિભાગ વાપી પોલીસ વિભાગ વાપી નગરપાલિકા અને રેલવે વિભાગની ટીમે સ્થળ નિરીક્ષણ કરી સ્થાનિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગેના સૂચનો સાથે તાત્કાલિક અમલ કરાઈ રહ્યા છે તો સાથે સ્થાનિકો દ્વારા જણાવાયું હતું કે અહીં ટ્રાફિકની સમસ્યા દૂર કરવી હોય તો કેટલાક આંતરિક રસ્તાઓ બંધ કરી દેવાયા છે તેને તાત્કાલિક ખુલ્લા કરવામાં આવે તો અહીં ટ્રાફિકની સમસ્યા દૂર થઈ શકે છે જેને ધ્યાને લઈ પોલીસ વિભાગે તાત્કાલિક આ રસ્તો ખુલવા કરવા પણ જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# દમણમાં શ્રાદ્ધ પક્ષના દિવસોમાં વિદ્યાર્થીઓને તિથિ ભોજન કરાવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૨૭:** મહિલા મંડળ દમણ (AIWC) શાખા તરફથી સાર્વજનિક વિદ્યાલય, દમણમાં પી.એમ.પોષણ યોજના અંતર્ગત, ભાદરવા માસના શ્રાદ્ધ પક્ષના ઉત્તમ દિવસોમાં ૧૬૦ વિદ્યાર્થીઓ માટે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાર્વજનિક વિદ્યાલયની મુલાકાત દરમિયાન શાળામાં સ્વચ્છતા એ જ પ્રભુતાનો અનુભવ થયો.

ઈન્ચાર્જ હેડ મિસ્ટ્રેસ શિતલબેન પટેલ અને શિક્ષક કર્મચારીઓ એ મહિલા મંડળના પ્રેસિડેન્ટ વર્ષા શાહ સાથે મંડળના સભ્યોનો આદર સત્કાર કર્યો. શીતલબેનનું સંચાલન અને શિક્ષકોની સુંદર કાર્ય નીતિ સાથે વિદ્યાર્થીઓમાં શિસ્તબદ્ધતા જોઈને ખુશી થઈ.

આ કાર્યક્રમનું આયોજન પ્રેસિડેન્ટ વર્ષા શાહ કર્યુ, એમાં મંડળના સભ્યો એ તિથિ ભોજન માટે દાન આપીને સહકાર આપ્યો. કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને સેવા આપનાર મહિલાઓમાં નીતા મહેતા, જયશ્રી ડાંગોદરા, ભાવિની સાંવલા, સુનિતા જૈન સાથે અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# દાનહમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્પોર્ટ્સ લીગનું આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૨૭:** દાનહની ૨૦ જિલ્લા પંચાયતઓમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ (SHS-2024) પ્રકૃતિ સ્વચ્છતા થીમ હેઠળ સંસ્કાર સ્વચ્છતા SBM સ્પોર્ટ્સ લીગ ૨૦૨૪ નું આયોજન ગ્રામ પંચાયતોના ફૂટબોલ અને વોલીબોલ રમતપ્રેમીઓ માટે ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ લીગ દરમિયાન વોલીબોલ અને ફૂટબોલ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. આ લીગ અંતર્ગત સેલવાસના સ્ટેડિયમ ગ્રાઉન્ડમાં વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે અને ખાનવેલના ચૌડા ગ્રાઉન્ડમાં ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આ રમત-ગમત સ્પર્ધાઓનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને સમાજના યુવાનોને રમતગમત દ્વારા સ્વચ્છતાનું મહત્વ સમજાવવાનો છે. આ સાથે યુવાનોને રમતગમત તરફ પ્રોત્સાહિત કરવા અને સ્વસ્થ અને સ્વચ્છ જીવનશૈલી અપનાવવા માટે આ લીગ એક મહત્વપૂર્ણ માધ્યમ બની રહેશે.

# દમણમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રીએ બેઠક યોજી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૨૭:** ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને ભાજપના સભ્યપદ અભિયાનના રાષ્ટ્રીય સંયોજક વિનોદ તાવડેએ દમણ અને સિલ્વાસાની મુલાકાત લીધી હતી. તેમના પ્રવાસના પ્રથમ સત્રમાં ભારતીય જનતા પાર્ટી દાનહ અને દમણ દીવ પ્રદેશ પ્રમુખ દીપેશ ટંડેલની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં દમણની હોટલ રિવાંતા ખાતે ભાજપના પ્રદેશ જિલ્લા અને મોરચાના અધિકારીઓ સાથેની બેઠકમાં નાની ઉપસ્થિત રહ્યાં હતા. રાજ્ય સદસ્યતા અભિયાન સંયોજક મહેશ આગરિયા, દમણ દીવના પૂર્વ સાંસદ લાલુભાઈ પટેલ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ અસ્પી દમણિયા, દમણ જિલ્લા પંચાયત પ્રમુખ જાગૃતિબેન પટેલ મંચ પર ઉપસ્થિત રહ્યાં હતા.

તેમના સ્વાગત પ્રવચનમાં પ્રદેશ પ્રમુખ દીપેશ ટંડેલજીએ રાજ્યમાં ચાલી રહેલા સભ્યપદ અભિયાનને લગતી માહિતી શેર કરી હતી અને ઉપસ્થિતોને આ કાર્યને તેમની પ્રાથમિકતા તરીકે રાખવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. સદસ્યતા અભિયાનના રાજ્ય સંયોજક મહેશ અગરિયાએ રાજ્યમાં ચાલી રહેલા સભ્યપદ અભિયાન વિશે માહિતી આપી હતી.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડેએ તેમના સંબોધનમાં કાર્યકર્તાઓને સદસ્યતા અભિયાન સંબંધિત વિવિધ માહિતી આપી હતી અને સમગ્ર દેશમાં આ ઝુંબેશ કેવી રીતે ચલાવવામાં આવે છે તેના ઉદાહરણો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મજીદ લધાણીએ કર્યું હતું.

# રોણવેલમાં અધ્યયન નિષ્પત્તિ આધારિત શિક્ષક તાલીમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૭:** આર.કે. પટેલ સાર્વજનિક વિદ્યાલય, રોણવેલના રૂક્ષ્મણીબા પ્રાર્થના હોલમાં તા. ૨૬/૦૯/૨૦૨૪ થી તા.૨૮/૦૯/૨૦૨૪ દરમિયાન ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા અધ્યયન નિષ્પત્તિ આધારિત શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસે શાળાના આચાર્ય ડૉ. ધનસુખભાઈ જે. આહિરે શાબ્દિક સ્વાગત દ્વારા પધારેલ મહેમાનોને તથા તાલીમ આપવાં માટે આવેલ અને તાલીમ લેવા માટે આવેલ શિક્ષકોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં વલસાડ ડાયટના પ્રાચાર્ય મહેંદ્રભાઈ તેમજ અધ્યાપક ડો. પંકજભાઈ વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

# બીલીમોરા વી.એસ. પટેલ કોલેજમાં ટોબેકો અવેરનેસ સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૨૭:** બીલીમોરા વી એસ પટેલ કોલેજમાં ગુરૂવારે તમાકુજન્ય રોગો અને સીપીઆર અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સી પી આર ની તાલીમ અંગે રાજ્ય સરકાર દ્વારા સતત જાગૃતિ અભિયાનો ચલાવવામાં આવી રહયા છે.

વિશ્વમાં દર વર્ષે તમાકુના કારણે લાખો લોકોના મૃત્યુ થાય છે અને પ્રત્યેક સિગારેટ વ્યક્તિના ૧૧ મિનિટ જેટલા જીવનનો ઘટાડો કરે છે. પ્રવર્તમાન સ્થિતમાં કેટલાક વિધાર્થીઓ સિગારેટ અને તમાકુનું સેવન કરતા દેખાય છે. જે આવનાર પેઢી માટે ખતરારૂપ બની શકે છે. જે ટાળવા જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ જીગ્નેશ ભાઈએ વ્યસન મુક્તિ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વ્યસનોથી થતા કેન્સર જેવા ગંભીર રોગો વિશે સમજણ આપી હતી. ડૉ રાજેન્દ્ર ગઢવી એ પરિવારને બરબાદ કરતા વ્યસનોથી દૂર રહેવા જણાવ્યું હતું અને તમાકુ વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા લેવડાવી હતી.તાલુકા અર્બન હેલ્થ સેન્ટર સુપરવાઈઝર ભાવિનભાઈ, સુપરવાઈઝર ભરતભાઈ, શિક્ષક ભાવેશ દેવતા, યોગ શિક્ષિકા મનીષાબેન સહિત કોલેજનાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડીઓનું લોકાર્પણ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૭:** અતુલ ફાઉન્ડેશન દ્વારા વલસાડ તાલુકાના કાજળ હરી ગામે બે અને જૂજવા ગામે એક મળી કુલ ત્રણ આંગણવાડીઓનું ધરમપુરના ધારાસભ્ય વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ કંપનીના જનરલ મેનેજર, અન્ય અધિકારીઓ સરપંચો ઉપસ્થિત રહ્યાં હતા.

સામાજીક કાર્યોમાં અગ્રેસર સંસ્થા અતુલ ફાઉન્ડેશન દ્વારા વલસાડ તાલુકાના કાંજણહરીમાં બે અને જૂજવા ગામમાં એક એમ કુલ ૩ આંગણવાડીઓનું નવીનીકરણ કરી ધરમપુરનાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલનાં શુભ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ તથા અન્ય અધિકારીઓ, બંને ગામનાં સરપંચો, ગામનાં અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. અતુલ ફાઉન્ડેશન દ્વારા આંગણવાડીનાં નવીનીકરણનું કાર્ય પૂર્ણ થતા તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે બદલ ગામનાં સરપંચ દ્વારા ગ્રામજનો વતી અતુલ ફાઉન્ડેશન અને મદદરૂપ થનાર અન્ય સૌનો હ્રદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

# ચીખલી પોલીસે જોગવાડથી દારૂ ઝડપ્યો: ચાલક ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૨૭:** ચીખલી તાલુકાના જોગવડ થી કાંકરિયા તરફ જતા રોડ ઉપર ચીખલી પોલીસે વોચ રાખી એક કારમાંથી રૂપિયા ૨.૫૪.૪૦૦ નો દારૂ ઝડપી પાડ્યો કારચાલક કાર મૂકી ફરાર થતા પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરાયો.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના જોગવડ થી કાકરીયા જતા રોડ ઉપરથી એક દારૂ ભરેલી કાર પસાર થવાની હોય જેની ચોક્કસ માહિતી ચીખલીના પીઆઈ કે. એચ. ચૌધરી ને મળતા પોસઇ એસ.જે. કડીવાલા તથા ડી સ્ટાફના માણસો સાથે જોગવાડ ગામના રામનગર પાસે વોચ રાખતા પુરપાટ ઝડપે દોડી રહેલી ટાટા કંપનીની નેકસોન ગાડી નંબર જીજે ૨૧ સીડી ૩૯૫૩ ને આંતરવાનો પ્રયાસ કરતા ગાડી ચાલકે ગાડી હંકારી મૂકી આગળ જઈ ગાડીમાંથી ચાલક ઉતરી ફરાર થઈ ગયો હતો જો કે પોલીસે ગાડીની તલાસી લેતા ગાડીમાંથી નાની મોટી વિસકી ની બાટલી નંગ ૧૬૫૬ જેની કિંમત રૂપિયા ૨. ૫૪. ૪૦૦ ગણવામાં આવી છે જ્યારે ગાડી ની કિંમત રૂપિયા ૮ લાખ મળી કુલ્લે ૧૦. ૫૪. ૪૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે ગાડીનો ચાલક ફરાર થઈ જતા જેને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

### વલસાડ અને નવસારી જિલ્લાની હદમાં

# નવરાત્રીમાં માતાજીના અસલ ઢબે ગવાતા ગરબાનું સ્થાન હવે પાર્ટી પ્લોટોએ લઈ લીધું ?

**આજનું યુવા ધન કેવી આરાધના અને કેવા ગરબા પાર્ટી પ્લોટ માં ગવાતા ગરબા જ અમારા માટે સાચા ગરબા**

આગામી તા. ૩. ૧૦. ૨૪ ના રોજ થી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે ત્યારે માતાજીના ભક્તો નવ દિવસ માતાજીની આરાધના કરી ગામની શેરીઓમાં તેમજ પાર્ટી પ્લોટોમાં ગરબે ઘૂમી માતાજીને મનાવશે ત્યારે ગામની ગલીઓ તેમજ મંદિરોના આંગણ સાફ-સફાઈ કરી ચોખ્ખા કરી દેવામાં આવ્યા છે પરંતુ હવે શેરી ગરબા ક્યાંક જોવા મળતા હોય છે શહેરી વિસ્તારો જ નહીં પરંતુ હવે ગામડાના રહીશો પણ પાર્ટી પ્લોટ માં હજારો રૂપિયાના પાસ ખરીદી ગરબા રમવા ઘેલા બન્યા છે અને માતાજીના ગરબા જે અસલ ઢબે ગવાતા હતા તે હવે પ્રોફેશનલ રૂપમાં આવી ગયા છે પરંતુ આ વર્ષે વરસાદ આડો આવશે.

આગામી ગુરૂવારથી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે ત્યારે ભાવિક ભક્તો માતાના મઢ ઉપર જવા માટે અત્યારથી જ સાયકલ યાત્રા તેમજ પગપાળા જવા માટે નીકળી પડ્યા છે જ્યારે કેટલાક ભાવિક ભક્તો પોતાના ઘરમાં જ નવ દિવસ સુધી માતાજીનો અખંડ દીવો પ્રગટાવી ઉપવાસ કરી માતાજીની પૂજા અર્ચના કરશે અને શેરીઓમાં માતાજીના ગરબા રમી ધન્યતા અનુભવશે કચ્છ માતાનો મઢ તેમજ અંબાજી અને પાવાગઢ મહાકાળી માતાજી તેમજ પારનેરા ડુંગર ઉપર લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરવામાં માટે નીકળશે માતાજીના અસલ ઢબે ગવાતા ગરબા હવે



**ચીખલીનો પત્ર**
**જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી**

શહેરી વિસ્તારોમાં અને ગામડામાં પણ ભુલાતા જવાઈ રહ્યા છે અને આ ગરબા હવે પ્રોફેશનલ રૂપમાં આવી ગયા છે જેનો પૂરેપૂરો લાભ કેટલાક ગરબા આયોજકો ઉઠાવી લેતા હોય છે જેની સાથે સાથે વેપારીઓ પણ લાખો રૂપિયાનો ધંધો કરી લેતા હોય છે મોંઘીદાટ ટિકિટો રાખી અને પ્રોફેશનલ સિંગરોને બોલાવી માતાજીના ગરબા ની સાથે સાથે ફિલ્મી ગીતો ઉપર ગરબા રમવા માટે ખેલૈયાઓ ને મજા પડતી હોય છે ગામડાની ગલીઓમાં ત્રણ તાળી સાથે ગવાતા ગરબા આજે નવી પેઢીને ખબર પણ ન હોય નવરાત્રિના નવ દિવસ અલગ અલગ ડ્રેસ કોડ પહેરી અને ગ્રુપ બનાવી પાર્ટી પ્લોટ માં ગરબા રમતા ખેલૈયાઓ માટે આયોજકો દ્વારા રોજ નવા નવા ઈનામો પણ રાખતા હોય છે જેના માટે ખેલૈયા અગાઉથી જ ગરબા ક્લાસીસમાં જઈ નવા નવા સ્ટેપ સાથે ગરબા રમવાનું શીખતા આવતું હોય છે શહેરી વિસ્તારો જ નહીં હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ શેરી ગરબાનું સ્થાન પાર્ટી પ્લોટો એ લઈ લીધું છે મોડી રાત સુધી ગરબા રમવા માટે સરકાર પણ નિયમોમાં છૂટછાટ આપતી હોય જેનો પૂરેપૂરો લાભ ગરબા આયોજકો ઉઠાવી લેતા હોય છે ગરબા આયોજકો દ્વારા રોજેરોજ સેલિબ્રિટીઓને લાવી પોતાનું નામ પણ લોકોમાં વખણાતું કરી દેતા હોય છે જો કે આ વખતે વરસાદે વિરામ લેવાનું નામ લેતો નથી તેમજ હવામાન વિભાગ દ્વારા પણ ઓક્ટોબર માસમાં વરસાદ થવાની આગાહી કરવામાં આવી રહી છે ત્યારે નવરાત્રી દરમિયાન ખેલૈયાઓને ગરબા રમવા માટે વરસાદ આડો આવશે પરંતુ ખરેખર માતાજીની આરાધના કરતા ભાવિક ભક્તો ગામની ગલીઓમાં ગરબા રમી ગરબા ની રમઝટ માણશે.




વિમલ પાવર્સ અને વી-ગાર્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તા. ૨૪ સપ્ટેમ્બર, મંગળવારના રોજ અવધ યુટોપિયા કલબ, ટુકવાડામાં ડીલર્સ મીટ કરવામાં આવી. જેમાં વલસાડ જિલ્લા, સેલવાસ અને દમણનાં આશરે ૨૦૦થી વધુ વ્યાપારીઓની હાજરી રહી. આ ડીલર્સ મીટમાં વી ગાર્ડ કંપનીના પંખા, વોટર હીટર, સોલર વોટર હીટર, હીટ પંપ, મિક્સર, વોટર પંપ, સ્ટેબિલાઈઝર, ઈન્વર્ટર, બેટરી જેવી લગભગ ૩૦૦ થી વધુ પ્રોડક્ટ ડિસ્પ્લે કરવામાં આવેલી. આ ડિલર્સ મીટમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિકલ ક્ષેત્રના દરેક વ્યાપારીઓનો સફળ પ્રતિસાદ મળ્યો. વી ગાર્ડની આ દરેક પ્રોડક્ટસ તમારી નજીકના સ્ટોર્સમાં સરળતાથી ઉપલબ્ધ રહેશે.

# બીલીમોરામાં કોંગ્રેસના જનમંચમાં વ્યક્તિગત અને સામુહિક સમસ્યાઓની છડી વરસી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૭:** ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા અમિત ચાવડા ની અધ્યક્ષતા માં ગુરુવાર બપોરે બીલીમોરા પાંચાલ સમાજવાડી માં કોંગ્રેસ જનમંચ માં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જેમાં ગાયકવાડ મિલ વળતર, પાણી, માર્ગ, મનરેગા, ભ્રષ્ટાચાર, કાનૂન વ્યવસ્થા જેવા અનેક લોક પ્રશ્નોની લેખિત-મૌખિક છડી વરસાવી હતી. વિધાનસભા માં લોકોની સમસ્યા રજૂ કરી સુલઝાવવાની ખાતરી આપી હતી. બીલીમોરા પાંચાલ સમાજવાડી માં ગુરુવારે કોંગ્રેસનાં જનમંચમાં અનેક લોકો પોતાની વ્યક્તિગત કે જાહેર સમસ્યાને વાચા આપવા પહોંચ્યા હતા. જેમાં સરકારનાં વિવિધ પ્રોજેકટ અંતર્ગત જમીન સંપાદન વળતર, ગાયકવાડ મિલ કામદારોને વળતર, મનરેગામાં ભ્રષ્ટાચાર, માર્ગોની કથળેલી હાલત, મધ્યાહન ભોજનની ગુણવત્તા, નાંદરખા ગામે બુલેટ પ્રોજેકટ માટે કામ કરતી કંપની દ્વારા જમીન વળતર, વિકાસલક્ષી કામોમાં કટકી જેવા આક્ષેપ અને બીલીમોરા ઓવરબ્રિજ ઉપર થી પટકાતા મોતને ભેટેલા હળપતિ યુવાનનાં પરીવાર એ યોગ્ય તપાસ ન્યાય, એક મહિલા એ અકસ્માતમાં વિકલાંગ પતિ માટે સહાય, ઘર, જમીન, માર્ગ અંગે પડતી હાલાકી જેવી વ્યક્તિગત સમસ્યાઓનાં નિરાકરણ માટે શાસકોને રજૂઆતો કાને સંભળાતી ન હોવાના આક્ષેપ કર્યા હતા. જેટકો કંપનીમાં ધરમપુર વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ વીતેલા ચારેક મહિનાઓથી પગાર વંચિત હતા. વિપક્ષી નેતા ની સફળ રજુઆત ને પગલે પગાર મળતા કર્મચારીઓ એ અમિત ચાવડા, ધારાસભ્ય અનંત પટેલનું ફૂલહાર પહેરાવી જાહેર અભિવાદન કરી આભારની લાગણી દર્શાવી હતી. વિપક્ષી નેતા અમિત ચાવડા એ જાહેર મંચને સંબોધતા જણાવ્યું હતું કે, અંગ્રેજોનાં જુલમ, દમનકારી રાજ સામે ગાંધીજી એ સત્યગ્રાહની લડાઈ લડી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર નવા અંગ્રેજોની સરકાર છે. ભૂતકાળમાં અંગ્રેજો સામે લડાઈ લડી હતી, તેવી લડાઈ નવા અંગ્રેજો સામે લડવી પડશે. જે લડાઈ માં કોંગ્રેસ તમારી સાથે છે. તમે લોકોને જાગૃત કરવા આગળ આવો, જન જન નો સંપર્ક કરો એવું આહવાન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય અનંત પટેલ, જિલ્લા પ્રમુખ શૈલેષ પટેલ એ સભાને સંબોધી હતી. બીલીમોરા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ઈંટવાલા ને નિમણૂક પત્ર એનાયત કરાયો હતો. કોંગ્રેસ અગ્રણી રામબાબુ શુકલા,જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની
મુલાકાત લો : www.damangangatimes.com

# હબ્બા કાદલ





સૌંદર્ય નગરી કશ્મીરમાં બારેમાસ છલકાતી, પવિત્ર વિતસ્તા નદી પર સુંદર સાત સાત પુલો શોભી રહ્યા છે. સપ્તરંગી સાત ફૂલોની નગરીથી શોભતું કશ્મીરનું રાજનગર, પાટનગર શ્રીનગર એની સુંદરતાથી બારેમાસ થનગનતું રહે છે. વિતસ્તા નદીનું નામ હવે તો જેલમ થઈ ચૂક્યું છે. પણ જેલમના પુલોના નામો પણ એટલા જ રૂપાળા છે..

૧.અમીરા કાદલ, ૨.હબ્બા કાદલ, ૩.ફતેહ કાદલ, ૪.અલી કાદલ, ૫.નાવા કાદલ, ૬.સાફા કાદલ, ૭.ઝેના કાદલ.

હબ્બા કાદલ એક જીવંત કડી છે .એ ફક્ત નિર્જીવ પુલ જ નથી પણ કાશ્મીરના સ્થાપત્યના વારસાનું પ્રતીક તો છે પરંતુ માનવજીવનની, સંવેદનાની, સબંધોની સાંકળ છે. કાશ્મીરી ભાષામાં કાદલ એટલે કે પુલ, સેતુ. આ પુલ તો માનવ સેતુ છે. આ પુલ માનવ સંસ્કૃતિનું ધબકતું હૃદય છે. જેલમ નદી પર સુલતાન હબીબ શાહ દ્વારા હબ્બા કાદલ બનાવાયું હતું. ઘણા લાંબા સમય સુધી આ પુલને હબીબ કાદલ તરીકે જ ઓળખાતો હતો. પછી ધીમે ધીમે હબ્બા કાદલ નામ જ લોકોના જીભ ઉપર આવ્યું ને હવે તો આ પુલ હબ્બા કાદલ તરીકે જ ઓળખાય છે. અફઘાની પ્રજાએ પણ હબ્બા કાદલને ખૂબ ઉપયોગમાં લીધો હતો. ૧૬ મી સદીમાં નિર્માણ પામેલ આ પૂલ અતિવૃષ્ટિ અને પૂરમાં ૧૮૯૩માં ખાસ્સો ધવાયો હતો પણ પછી ડોગરા વંશજોના શાસનના સમયે હબ્બા કાદલને દેવદાર લાકડાથી એને વધુ મજબૂતાઈથી ઘનતા ને સુંદરતા આપી. કશ્મીરની હરિયાળી ખીણોમાં દેવદારના જથ્થાબંધ ઘનિષ્ઠ વૃક્ષો હોય છે અને દેવદાર વૃક્ષ વધુને વધુ મજબૂત હોય છે. વર્ષોના વર્ષો સુધી એની મજબૂતાઈ ટકે છે. મહારાજા પ્રતાપસિંઘે આ પુલનું નવીનીકરણ ૧૮૯૮ માં કર્યું અને કાશ્મીરી પ્રજા માટે તેમણે ખુલ્લું કર્યું. હબ્બા કાદલ પુલ ૩૦૦ ફીટ લાંબો અને ૩૨ ફીટ પહોળો છે. જમ્મુ અને કશ્મીર સરકારે આરસીસીના નવા પુલ બનાવવાની યોજના તૈયાર કરી અને આને આ નવા પુલ હબ્બા કાદલ ની તદ્દન નજીક સમીપે રાખવાનું અમલીકરણ કર્યું. યુગો યુગોથી અહીંનું કાશ્મીરી પ્રજાનું લોકજીવન અને ઐતિહાસિક તથ્યોને જીવંત રાખવા માટે સરકારે હબ્બા કાદલ પુલને રાષ્ટ્રીય સ્મારક તરીકે રાખ્યું. જેથી એની એક પણ કાંકરી ખરવા ના દીધી પણ હબ્બા કાદલની જાળવણી માટેના સંનિષ્ઠ પ્રયત્નો લીધા છે. એને ખૂબ જહેમતથી રીપેરીંગ કરીને જાળવી રાખીને તેનું ઐતિહાસિક મૂલ્ય ઈતિહાસમાં અમર કર્યું છે. હબ્બા કાદલની નજીક એક બીજો પુલ પણ છે. જેનું નામ છે અલી કાદલને ધોબીઘાટ તરીકે પણ ઓળખાય છે. કાશ્મીરની કાતિલ ઠંડીઓમાં વપરાતી ભારે વજનદાર કાર્પેટોને ઉનાળામાં આ અલી કાદલ પુલ ઉપર ધોવામાં આવે છે. જેથી આ ઘાટને દોએબ ઘાટ તરીકે પણ ઓળખવામાં આવે છે. બીજી એક રસપ્રદ વાત એ પણ છે કે અલી કાદલ પુલ કાશ્મીરી પંડિતોના નાણાં , આર્થિક લેવડદેવડ , વેપાર, વાણિજ્ય, વ્યાજ, શરાફ માટે પણ જાણીતું રહ્યું. અહીં કશ્મીરી પંડિત રામ ઝુ કોલનું નામ ખૂબ પ્રસિદ્ધ રહ્યું. પંડિતો ખૂબ જ ધનિક વર્ગના અને અતિ મેઘાવી પણ હતાં. અલી કાદલ પાસે જ એક વિશાળ આવાસ પંડીત રામ ઝુ કૌલનું રહ્યું. જેની બાંધણી, કળા કારીગરી બેનમૂન હતી. આ સૌથી ઘનિષ્ઠ મકાનને હેલ્પ ફાઉન્ડેશન તરીકે એનજીઓએ સાંભળ્યું છે અને પંડિતનું હેરિટેજ હાઉસનું નામ તો હવે બેતુલ એ મિરાજ પણ બની ગયું છે.

સમયની બલિહારી બીજું તો શું ??? હાલ જેમાં કાશ્મીરી હસ્તકલા વિકસિત બની રહી છે. શ્રીનગરનું સૌ પ્રથમ બનેલ પુલ અલી કાદલ શ્રીનગરનું સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે.

હબ્બા કાદલ પંડિતોની વસાહતનું મુખ્ય કેન્દ્ર શ્રીનગરમાં રહ્યું. અહીં લાખોની સંખ્યામાં ૧૯૯૦ ની સાલ પહેલા કાશ્મીરી પંડિતો ખુશાલી થી સમુદાયમાં રહેતા હતા. તે સમયની તેમની એક શાખ પણ રહી હતી અને અદભૂત વર્ચસ્વ પણ હતું. અલબત્ત કોમી એકતા પણ સુમેળ ભરી હતી. હબ્બા કાદલ વિસ્તાર એ કાશ્મીરી પંડિતોની ઓળખાણ પણ રહી છે. પંડિતોની જીવંત ધોરી નસ હબ્બા કાદલ રહી. પંડિતો હજી પણ હબ્બા કાદલનું નામ સાંભળતા જ તેમના રુંવાડા ઊભા થઈ જાય છે. એમનું સુંદર સંસ્કૃતિ ભર્યું લોકજીવન , સામાજિક જીવન, હબ્બા કાદલ સાથે ખૂબ ઓતપ્રોત ને તાણાવાણામાં રહેલ. શ્રીનગરમાં બડીયાર થી ફતેહ કાદલ અને નઈ સડક, શીતલનાથ, છોટા બજાર, સૈયદ અલી અકબર મહોલ્લા, કાની કાદલ, કારફલી મોહલ્લા આ સહુ નિવાસી વિસ્તાર હબ્બા કાદલના સંલગ્ન છે કે જેમાં કાશ્મીરી પંડિતો રહેતા હતા. પંડિતોની એક અલગ સુગંધ અહીં કાયમની રહી હતી. એક સમયની દિવસ રાતની ચહલપહલ કાશ્મીરી પંડિતોની હબ્બા કાદલ ઉપર જ રહી. આર્થિક રાજધાની જેવું તો હબ્બા કાદલનું ચલણ રહ્યું. તેમના મોટા મોટા બંગલાઓ અહીં શોભી રહેતાં. કશ્મીરી પંડિતોની આર્થિક, સામાજિક જીવનશૈલીને ઉપરાંત તે સમયની રાજકીય, સામાજિક હલચલો, ઉથલપાથલ હબ્બા કાદલ ઉપર જ રહી હતી. આમ, હબ્બા કાદલનું સ્થાન કાશ્મીરી પંડિતોના શ્વાસ, પ્રાણને નાડ છે. કશ્મીરના મહારાજે એના શાસન દરમિયાન પંડિતોએ અહીં હબ્બા કાદલ સ્થાને જ રાજકીય વાટાઘાટો, રેલીઓ સભા, સરઘસોનું આયોજન સફળતા પૂર્વક યોજેલ. ટૂંકમાં હબ્બા કાદલ એ કાશ્મીરી પંડિતોના જીવનનું કેન્દ્ર સ્થાન બની રહેલ. હબ્બા કાદલની સમાનતરે કશ્મીરી પંડિતોએ પોતે અઢળક મંદિરોની સ્થાપના કરેલ, જાતે બાંધેલ., જેમાં ગણપતિઆર મંદિર, સોમવાર મંદિર, શિવાલાય, શીતલનાથ ભૈરવ મંદિર, રઘુનાથ મંદિર (જે મહારાજા ગુલાબસિંગે નિર્માણ કરેલ), ભગવાન ગોપીનાથજી આશ્રમ મુખ્ય છે. આ હબ્બા કાદલની આજુબાજુ વિતસ્તા નદીના પવિત્ર ઘાટો કે જ્યાં પંડિતો દરરોજ વહેલી સવારે સ્નાન કરીને પૂજા માટે મંદિરોમાં પ્રવેશતા અને નિત્ય સંધ્યા પૂજા પણ અહીં હબ્બા કાદલ ખાતે જ કરતા. દરેક તહેવારોની ઉજવણી ને પૂજાનું વિસર્જન પુષ્પો પણ અહીં નદીમાં જ વિસર્જન કરતા. શિવરાત્રી એટલે કે હેરથના સમયે તો આખા પુલનું સ્વરૂપ જ બદલાઈ જતું.. જાણે કે આખું શ્રીનગર શિવમય બની જતું. સળંગ ઘંટારવ. મંદિરોનો શંખધ્વનિ, સંસ્કૃત શ્લોકો ,મંત્રોચ્ચાર, તાળીઓનો અવાજ, શારદા ભાષાની મધુર આરતી, પૂજા, ભજનોથી મધુર ધ્વનિ પ્રસરી રહેતો હતો. આ નદીના ઘાટ ઉપર અનાજ માટેની નૈયા, મોટી હોડીઓ અલગ અલગ લાકડાઓની હેરાફેરીઓ, શાકભાજીઓના થોકબંધ જથ્થા પણ ઉભરાતા રહેતા. હબ્બા કાદલ એ સતત લોકોની અવરજવરનો ખળભળાટ વિસ્તાર શ્રીનગરમાં હતો.



## ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

એક સમયે પરિવહન માટે નાની-નાની મીની બસો શ્રીનગરમાં શરૂ થઈ ત્યારે હબ્બા કાદલ વિસ્તારના કશ્મીરી ભાષાના સંવાદોના અવાજો ....

રાજબાઈ બચશા ....
હે બાબુજી બચશા ....
હે સુસા .....
હે જીગરા લોભ ખુશ....
હે ખ્વાજા સાહબ ...
હતા એ બની ....
ઓ રેડા હતા
સાયકલ ઓછા પોષા શાહ બચો બચો
You queen like women save yourself you...
Pandit Ji save yourself....
My lungs like dear pedestrian!!!!
My liver like dear traveller ....
mou acid you
Khwaja Saheb ji....
you sister are you heard of hearing you....!!!!
ready man you man with a bicycle take care.....!!!
save yourself save yourself..!!!

આવા બધા ઝડપી ઝપાટા બંધ લોકોના કોલાહલો, મોટી સંખ્યામાં પદયાત્રીઓ સાયકલ સવારો, પથિકો, સ્થાનિકો, મુસાફરો, સ્થાનિક લોકો, યાત્રીઓ, પ્રવાસીઓ વિદેશી પર્યટકોથી હબ્બા કાદલ દરિયાની ભરતીના જુવાળ જેવો ઘેઘુર બની રહેતો. વહેલી સવારે કાશ્મીરી પંડિતની ખૂબ જ સુંદર ગૌરી ચટ્ટી સ્ત્રીઓ કે જે કશ્મીરી પંડિતાણીઓ હબ્બા કાદલના પુલ પરથી કશ્મીરી શાકભાજીઓ જેવી કે હાક, નદરું, શલગમ, વાંગુન, આલુ ખરીદતી. હબ્બા કાદલ ઉપર ફેરિયાઓની લાંબી લાંબી કતારો વહેલી સવારથી જ લાગી રહેતી. સ્ત્રીઓની લાક્ષણિક ટેવ જે મુજબ ફેરિયાઓ સાથે અવશ્ય ભાવતાલ કરવી અને વધુને વધુ રકજક કરવી. મિત્રો ને સગા સંબંધીઓ સાથે આખા શહેરની લોક વાતોથી હબ્બા કાદલ ગુંજી ઊઠતું. કાશ્મીરી પંડિતોની સુંદર ખાણ ધરાવતો હબ્બા કાદલ તેના ઉત્તમ કલાકારો થી પણ શોભે છે. જેમાં શિવ રૈના, ડી એન્ડ વલ્લી, ત્રિલોક કૌલ, સોમનાથ ખોસા .સોમનાથ ભાટ્ટ. રતન પરીમુ, ભૂષણ કૌલ, પદ્મશ્રી જી.આર સંતોષ, મોહન રૈના, કાશ્મીરી ખોસુ, સૂરજ ટીકકુ, કપિલ કૌલ કે જેઓ વિશ્વવિખ્યાત ભિન્ન ભિન્ન ક્ષેત્રના કલાકારો રહ્યા. હબ્બા કાદલની કોખમાં ઉત્તમ કક્ષાના સંતો, કવિઓ, કવિયત્રીઓ, લેખકો, અભિનેતા, સંગીતકારો, પત્રકારો, થિયેટર કલાકારો પણ એના દિગ્ગજ રૂપે ખીલી ઉઠેલ. અહીં પુસ્તકોની અસંખ્ય વિશાળ દુકાનો રહી અને જે પંડિતો જ એનો કબજો ધરાવતા હતા. પીટટા પાન વોલ કે જે પાનની દુકાન પણ કાશ્મીરી પંડિતોની રહી. એક ક્રાલ ખોદ કે જે વિસ્તાર હતો, જેમાં માખણ લાલ કાશ્મીરી પંડિત ચલાવતા હતા. જેઓ મજબૂત કમ્યુનિસ્ટ હતા પણ તેઓ સતત કોઈને કોઈ પ્રશિષ્ટ સાહિત્ય કૃતિ હાથમાં રાખીને વાંચતા અને પાન પણ બનાવી રહેતા.

આ પાનની દુકાને પ્રાધ્યાપકો, વકીલો અને બુદ્ધિશાળી લોકોની જમાવટ આખો દિવસ ચિક્કાર રહેતી. હબ્બા કાદલ ઉપર ઘોડાગાડીમાં પંડિતોની જ અવરજવર વધુ રહેતી. અહીં પંડિતોની પોતાની હલવાઈની દુકાનો પણ રહી. અમરનાથ કાક કે તેમણે પહેલી ચશ્માની દુકાન શ્રીનગરમાં ખોલી. તેમાં અંગ્રેજ લોકો પણ અહીંથી નંબરવાળા ચશ્મા ખરીદતા. એટલી એ વિશ્વવિખ્યાત દુકાન બની ચૂકી હતી. પંડિતોની પોતાની સોનાની દુકાનો પણ હબ્બા કાદલ કાદલ ખાતે રહી. હબવા કાદલમાં જ હિન્દુ હાઈસ્કુલ, રૂપા દેવી શારદાપીઠ, વસંતા ગર્લ્સ સ્કુલ, લાલ દેદ મેમોરિયલ સ્કૂલ વિનાયક મીડલ સ્કૂલ અસ્તિત્વમાં રહી. અહીં પંડિતોની પોતાની સોનાની દુકાન પણ રહી.

કશ્મીરી પંડિત ડોક્ટર ઓ એન થુસ્સુ અને તેમની ધર્મ પત્ની ડોક્ટર જગત મોહિનીએ રતન રાની મેમોરિયલ હોસ્પિટલ શ્રીનગર ખાતે હબ્બા કાદલમાં જ ખોલી હતી.

જેમાં ગરીબ જરૂરિયાત મંદ લોકોને મફતમાં સારવાર આપેલ. જ્યારે આંતકવાદ એની ચરમશીમાએ હતો ત્યારે પણ આ હોસ્પિટલ કાશ્મીરી પંડિતોએ ગતિમાં રાખેલ હતી અને લોકોને સારવાર આપી હતી. અહીં સક્રિય સંગીત શાળાઓ પણ અવલ્ દરજ્જાની રહી. જેનું નામ પ્રેમ સંગીત નિકેતન રહી. પંડિતોની પોતાની વિવિધતા ભરી પરફ્યુમની, બેકરીની દુકાનો રહી. ૧૯૯૦ ના સમયગાળા પછી તરત જ આ ધબકતું, મનગમતું હબ્બા કાદલને પંડિતોએ પોતાના રડતા રૂદિયામાં સમાવીને પોતાનું વતન ભારે હૈયે છોડ્યું. આજે પણ હબ્બા કાદલની સોનેરી યાદોને સંઘરીને જ્યાં ત્યાં વસી રહેલાં કાશ્મીરી પંડિતોની આંખે ગંગા જમના વહે છે. એ જ એમનો હબ્બા કાદલ પ્રત્યેનો યુગોથી સ્નેહભર્યો અનુબંધ સૂચવે છે. પંડિતોનો ભવ્ય ભૂતકાળ હબ્બા કાદલ સાથે સ્નેહથી જોડાયેલ છે અને તે અવિસ્મરણીય છે.



# કોને અમર થવું છે?

## સો શરદ ઋતુ સુધી તંદુરસ્ત માનસિક શારીરિક જીવન જીવવા માટે તણાવમુક્ત જીવનશૈલી - હેલ્ધી લાઈફ સ્ટાઈલ, પૂરતી ઊંઘ અને પોષણયુક્ત ખોરાક, ખરાબ ટેવોથી દૂર અને જીવનના અંત સુધી કાર્યશીલ રહેવાની રીત જ જરૂરી છે

એક વિધવા સ્ત્રીને યમરાજાના સેવક અલેવા માટે આવ્યા. બહુ જ પ્રેમથી કહ્યું, ચાલો બહેન, તમારો સમય થઇ ગયો. હજી તો મારો પોત્ર ઘોડિયામાં છે અને એનાં મા - બાપ તો નોકરી કરે છે એટલે એ મોટો થઈ જાય એટલે તમે આવજો - અને આમ પણ મારે હવે બીજી માયા જેવું છે પણ શું? વર્ષો વીતતાં ગયાં. પૌત્ર મોટો થઈ ગયો એટલે પાછા યમરાજના સેવકો આવ્યા, હવે તો માજી ચાલશોને ? (અત્યાર સુધીમાં બહેનમાંથી માજી તો થઈ પણ ગયાં હતાં !) ભાઈ, આને પરણાવી એના દીકરાને ઘોડિયામાં સૂવડાવું એવું થાય એટલે એ...ય આપણે નિરાંત... ઠીક છે સેવકો પાછા ગયા. થોડાં વર્ષો પછી આવ્યા. કહે, માજી, હવે તો તૈયાર ને? એટલે માજી ગુસ્સે થઇ ગયાં - ખૂણામાંથી પોતાની લાકડી, જેને ટેકે ટેકે એ ચાલતાં હતાં, સેવકો તરફ ઉગામી ને કહે, મારા રોયા, તમને જગતમાં હું જ મળી છું? મારો જ જીવ લેવો છે ? બીજું કોઈ તમને નથી દેખાતુ ? પણ માજી અત્યારે તમે વૃદ્ધ થઈ ગયાં છો, લાકડીના ટેકે તો ચાલો છો, પગના સાંધા, હાથના સાંધા કામ કરતા નથી, નથી પૂરેપૂરું સંભળાતું, નથી રાત્રે દેખાતું, મોઢાંમાં દાંત નથી, તમારી યાદશક્તિ, તાકાત બધું જ ક્ષીણ થઈ ગયું છે, અમારી સાથે ચાલો, તમને નવો જન્મ અપાશે, જેમાં તમે ફરીથી બાળક જેવું તંદુરસ્ત નવીન ખોળીયું લઈને અવતરશો, એ બધું નથી જોઈતું? બાળપણ, યુવાની, વૃદ્ધત્વ અને પછી મૃત્યુ. આ જ ક્રમ છે જીવનનો. આપણે આપણાં જીવનના ચાર આશ્રમમાં માનીએ છીએ - બ્રહ્મચર્યે ભણવું- શરીરને મજબૂત બનાવવું - તપ કરવું ત્યારબાદ સંસારમાં પ્રવેશ કરવો-ગૃહસ્થાશ્રમે ધર્મપૂર્વક અર્થ કમાઈ ને પોતાની ધર્મયુક્ત કામનાઓની પૂર્તિ કરવી તેમજ બાકીના બીજા આશ્રમોવાળી વ્યક્તિઓની આર્થિક મદદ કરવી, ત્યારબાદ વાનપ્રસ્થ - મેળવેલાં અર્થ અને જ્ઞાનને સમાજના ઉત્થાનમાં વાપરવા અને છેલ્લે સન્યસ્ત, જેમાં પોતાની આધ્યાત્મિક ઉન્નતિ થાય એવું કરવું, આમ ૨૫ - ૨૫ વર્ષનો એક આશ્રમ થાય તો આપણું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણાય. વેદમંત્રોમાં પણ કહ્યું છે, 'જીવમ શરદ શતમ' અને એ પણ કેવું? અદીન શરદ શતમ' દીન - બીચારા થઈને નહીં. કોઈના ઉપર આધારીત રહીને નહીં-કાર્યશીલ રહીને- પલંગમાં પડ્યા - પડ્યા મૃત્યુની રાહ જોતાં જોતાં નહીં જ ! દરેકને લાંબુ - નિરોગી આયુષ્ય તો જોઇએ જે છે - જો કે, વૈજ્ઞાનિકોએ ડોક્ટરોએ વેક્સિનેશન તેમજ રોગોની સારવાર પદ્ધતિની નવી રીતો શોધીને આપણને આપણી આયુષ્યરેખા લાંબી તો કરી આપી છે, પણ યે દિલ માંગે મોર!. ૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે માંડ ૩૦-૩૫ વર્ષનું સરેરાશ આયુષ આપણે ભોગવતા હતા અને આજે આપણે આશરે ૭૦ વર્ષનું સરેરાશ આયુષ્ય ભોગવીએ છીએ થેન્ક્યુ ડોક્ટરો - મેડિકલ સાયન્સ ! આપણી લાંબું જીવવાની કદી ન મરવાની અમરત્વ પ્રાપ્ત કરવાની અભિલાષા પૂરાણના સમયથી ચાલી આવેછે. પૌરાણિક કથાઓમાં, અમર થવા માટે અમીકૂંજની શોધ કરવા માટે દેવ - દાનવ વચ્ચે સંધી થઈ હતી (આમ તો બંને ઉત્તર- દક્ષિણ ધ્રુવ જેવા, પણ રાજકારણમાં કોઇ હંમેશ માટે શત્રુ નથી - કે નથી મિત્ર - કંઇક પામવા માટે - સત્તા મેળવવા માટે, સંધી થઈ શકે !) અને સમુદ્રમંથન શરૂ કર્યું. એક બાજુ દેવો અને બીજી બાજુ દાનવો - આમ સમુદ્ર મંથન કરતાં - કરતાં એમાંથી અમીકુંજ પ્રગટ્યો... જીસ કિ ઉન્હેં તલાશથી એટલે હવે કોણ સત્તાની ખુરશી ભોગવે ? એના માટે હુંસાતુંસી, ઝઘડો અને પછી તો યુદ્ધ જેવી સ્થિતિ ઊભી થઇ એટલે બળમાં ઓછા પણ કળમાં વધુ એવા દેવોએ હનીટ્રેપ ગોઠવી મોહિનીની જાળમાં દાનવો ફસાયા અને દેવો અમીકુંજ લઇ ગયા ! એમ દેવો અમર થઈ ગયા, પણ દુનિયામાં જોઇએ તો ઊલટું જ લાગે છે! અહીં તો દાનવો દુષ્ટો જ, અમરત્વ લઇને આવ્યા હોય એવું લાગે છે અને સારા, સજ્જનો તો જલ્દી વિદાય લઇ લે છે! આયુષ્ય રેખાની વિશે વાત, ગ્રીક માયથોલોજી પણ છે (કેમ, એમને લાંબું જીવવાની ઈચ્છા ન હોય ?) મનુષ્યનાં કર્મો પ્રમાણે ઈશ્વરે જે દરેકની આયુષ્યની જીવાદોરીની સાઇઝ નક્કી કરી હોય છે, આ આયુષ્ય દોરીને ગૂંથવાનું અને લાંબી - લાંબી કરતા જવાનું કાર્ય એક દેવી કરે છે, જેનું નામ છે ક્લોથોસ - એનું કાર્ય છે મનુષ્યને વધારેમાં વધારે કેમ જીવન મળે, એ માટે લાંબી જીવાદોરી ગૂંથવી, પણ ઈશ્વરે બીજા એક દેવને પણ ત્યાં મૂક્યા છે, જેનું નામ છે લોચિસીસ. એ હંમેશા ચશ્મા પહેરી, હાથમાં ફૂટપટ્ટી રાખી બહુ જ ચોકસાઈપૂર્વક જીવાદોરી માપતા રહે છે અને ત્રીજાં દેવી અટ્રોપોજને સૂચના આપતા રહે છે. - એટ્રોપોજ બહેન હંમેશાં કાતર સાથે - હાજર જ હોય, લોચિસીસની સૂચના મળે કે અહીંથી કાપો એટલે એક ક્ષણ પણ વધુ ન મળે એની કાળજી રાખીને, બહેનશ્રી કાતર ચલાવી દે છે. આમ તો આપણે ૪૦, ૫૦ કે ૬૦ વર્ષ સુધી ગધેડાની જેમ- બળદની જેમ, વેતરું કરીએ છીએ, પછી નિરાંતે ભોગવશું, એમ વિચારીને પણ, ભોગવવાની ઉંમર ક્યારે આવી ને જતી રહી એ ની જ ખબર પડતી નથી અને આયુષ્ય તો ટૂંકી થતી જ જાય છે. એમાં 'ન ।' લાગવગ ! ડોક્ટરોએ, વૈજ્ઞાનિકોએ એક વાત તો નોંધી જ કે, જેમનાં કુંટુંબમાં ૮૦ - ૯૦ વર્ષેથી પહેલાં કોઇનું મૃત્યુ (અકસ્માત સિવાય) થયું નહોતું એમના બાકીન નાની સભ્યોની ઉમરના આયુષ્યરેખા બીજાં કરતા લાંબી જ હતી. એટલે કે નાની ઉમરે મૃત્યુ થવાની શક્યતા અંમના કુટુંબમાં ઓછી હતી.. આવું જ અવલોકન એમણે પૃથ્વી પર આવેલા જુદા - જુદા પ્રદેશોમાં પણ કર્યું, ત્યાં રહેતા લોકોની આવરદા ૮૦ વર્ષ કે તેનાથી વધુની હતી. આ પ્રદેશોને એમણે નામ આપ્યું 'બ્લૂઝોન' જાપાનનો ઓકીનોવા પ્રદેશ, ગ્રીસનો ઈકારીઆ પ્રદેશ, ઇટાલીનો સાર્ડીનીઆ પ્રદેશ, અમેરિકાનો લોમા લીન્ડા પ્રદેશ અને કોસ્ટારિકાનો નિકોયા પ્રદેશ. આ બ્લૂઝોનમાં રહેતા લોકો કઈ રીતે લાંબું જીવતા હતા? વૈજ્ઞાનિકોએ શોધ્યું કે તેઓ ભૂખ હોય એના કરતાં ઓછું ખાતા હતા, એમના ભોજનમાં ૯૫ ટકા વનસ્પતિજન્ય ખોરાક જ લેતા હતા, તમાકુ અને દારૂને લેતા નહોતા, મોટી ઉમરે પણ કાર્યશિલ રહેતા હતા અને એક-બીજા સાથે કૌટુંબિક સંબંધોની જેમ બંધાયેલા રહેતા હતા. એમના પ્રદેશો ઔદ્યોગિક વસાહતોથી તેમજ વિકસિત શહેરોથી દૂર હતા. વૈજ્ઞાનિકોને આટલી જ વાતથી સંતોષ ન થયો. એમણે વધુ શોધો કરીને જોયું કે, લાંબું જીવવા માટે તમારી જીવનશૈલી (બ્લૂઝોનમાં એમણે અવલોકન કર્યું) તમારો ખોરાક, ખરાબ આદતોથી દૂર (તમાકુ, દારૂ, બીજા કેફી પદાર્થો) પૂરતી ઊંઘ, કસરત, ઉપરાંત તમે ક્યા વાતાવરણમાં રહો છો ? ત્યાં મિલોના પુષ્કળ ધૂમાડા હોય, પોલ્યુશનથી ભરપૂર વાતાવરણ હોય, ત્યાં કોઈ વિરલો જ લાંબું જીવી શકે! અને વધુ શોધ કરતાં જણાયું કે, કેટલાક જીન્સના સમૂહો - લાંબી આવરદા ભોગવતા લોકોમાં હાજર હતા, તો શું જીન્સ આપણી આવરદાને લાંબી ટૂંકી કરી શકવાને શક્તિમાન છે? કોષોનું ઝડપી વિભાજન બાળપણથી યુવાવસ્થા સુધી થાય છે, એટલે જ નાનું બાળક પાંચ - છ ફૂટનો ફૂટડો યુવાન કે યુવતી બની શકે છે અને ત્યારબાદ કોષ વિભાજનની ક્રિયા ધીમી બને છે, જેટલા કોષો નાશ પામે એટલા જ કોષો નવા બને એ પ્રક્રિયા પણ વૃદ્ધાવસ્થામાં, નવા કોષો બહુ જ ઓછા બને, જૂના કોષો નાશ પામતા જવાની પ્રક્રિયા ઝડપી બને, જે છેલ્લે મૃત્યુ સુધી લઈ જાય. કોષોમાં ઉમર -ামાણે એના વિભાજનની -ક્રિયામાં ફેરફાર થાય છે. જો આ પ્રક્રિયા ધીમી ન પડે કે યુવાવસ્થા જેવી જ ઝડપી રહે અને કોષો નાશ ન જ પામે, તો આને અનિયંત્રિત કોષોની વૃદ્ધિ એટલે કે કેન્સર કહેવાય. શરીરના કોષો વધુમાં વધુ ૬૦ વખત વિભાજિત થાય છે, ત્યારબાદ એ સ્વયં એપોટોસીસ એટલે કે નિવૃત્તિ - મૃત્યુને સ્વીકારી લે છે. જેમ એક પાંદડું, કૂમળું હોય પાકટ બને અને પછી ખરી પડે, એમ જ ! કોષોની મોલેક્યુબર એન્જિનીયરિંગમાં પણ કંઈક એવું જ છે, જે કોષોને એની જરૂરિયાત પ્રમાણે વૃદ્ધિ અને ત્યારબાદ ધીમે ધીમે વિસર્જન બાજુ લઈ જાય છે, આને વૈજ્ઞાનિકોએ મોર્ટાલિટી ફેક્ટર ફ્રોમ ક્રોમોઝોમ-૪ એવું નામ, પણ ટૂંકમાં એમ - ઓ - આર - ઓફ - ૪ જે કોષોની એક્ટિવિટીને કંટ્રોલ કરે છે, જો કોઈપણ રીતે એના ઉપર પ્રહાર કરવામાં આવે કે એની પ્રવૃત્તિમાં ભંગ પાડવામાં આવે, તો તમે અમર બની શકો અથવા કેન્સરના દર્દી બની જાવ ! આ કોષસમૂહના એક વિભાગને આયુષરેખા આયુષ્યદોરી બનાવતી દેવીનું નામ પણ આપવામાં આવ્યું છે ક્લોથોજિન અથવા એન્ટિએજિંગ જીન. આ આવરદા વધારનાર જીન્સનો ઉંદરો ઉપર પ્રયોગ કર્યો, તો તેઓ સામાન્ય ઉંદરો કરતાં લાંબું અને તંદુરસ્ત જીવ્યા. આ જીન્સની ખાસિયત એક સિક્કાની બે બાજુ જેવી છે. એક બાજુ જીન્સને પહેલેથી જ મળેલી માહિતી પ્રમાણે - પ્લાનિંગથી જ કોષોની વૃદ્ધિ થાય (બ્રહ્મા સર્જન કરે) પછી વૃદ્ધિ પામેલા કોષોને મેન્ટેન કરે (વિષ્ણુજીનું કાર્ય !) અને ત્યારબાદ વિભાજન અટકીને વિઘટન બાજુ આગળ વધી મૃત્યુ તરફની ગતિ (મહાદેવ - શિવની કૃપા! સંહારક શક્તિ) થાય. આમાં હવે સિક્કાની બીજી બાજુ જે અસામાન્ય છે, જેમાં કોષોનું વિભાજન - વૃદ્ધિ થયા જ કરે અને વિઘટન - મૃત્યુ થાય જ નહીં. દા.ત. શિવવિહીન દુનિયાની કલ્પના જ કેવી રીતે થાય ! અને આમ અમરત્વ પામવાની હોડમાં માણસ કંઈક ઈશ્વરીય તત્ત્વ છે, એની સામે છેડછાડ ન કરાય એવું પણ શીખ્યો છે! હા, નવી-નવી આધુનિક મેડિકલની શોધોની મદદથી તેમજ વેક્સિનેશન પદ્ધતિઓથી, જીવનશૈલીમાં સુધાર (આયુર્વેદ પ્રમાણે કફ, પિત્ત અને વાયુને સમ રાખવાની રીતો) કાર્યશીલ જીવનશૈલી, તણાવમુક્ત અથવા તણાવને કઈ રીતે ઓછો કરી શકાય, એની રીતો ખોટી આદતોથી દૂર રહીને ધીમે - ધીમે શતાયુ થવા ભણી પ્રયાણ અવશ્ય કરી શકશું, પણ અમરત્વને હાલમાં દીવાસ્વપ્નની જેમ જ ગણવું ! ભર ઉનાળે જે પાંદડા ભેગાં મળીને છાંયડો આપે છે, એ જ પાંદડા જ્યારે પાનખરમાં ખરી પડે, ત્યારે લોકો એને કચરો ગણે છે. જીવનનું કંઈક એવું જ છે ! સૂર્ય આથમ્યા પછી અંધારું જ હોય છે.



## ડોક્ટર કહે છે

- ડો. યોગેશ વેલાણી

# સ્વર કિન્નરી લતા મંગેશકર



દેશનું સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' પામનાર સ્વર કિન્નરી લતા મંગેશકર ૯૨ વર્ષના થયાં. ૨૮ સપ્ટેમ્બર,૧૯૨૯ના રોજ ઈન્દોરમાંલતાજીનો જન્મ. ૧૯૪૨માં શરૂ થયેલી લતાજીની ગાયિકા તરીકેની સફર સાત દાયકા સુધી અવિરત ચાલતી રહી. લતાજીએ ૩૬ ાદેશિક ભાષાઓમાં ગાયું છે. તેમણે એક હજાર જેટલી ફિલ્મોના ગીતો ગાયા છે. તેમને ૧૯૮૯માં ભારતીય સિનેમાના સૌથી મોટા સન્માન 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' થી પણ નવાજાયા છે. તે ઉપરાંત લતાજીનેત્રણ નેશનલ ફિલ્મ એવોર્ડ્સ, ૧૨ બેંગાલફિલ્મ જર્નાલિસ્ટસએવોર્ડ, 'શ્રેષ્ઠ ગાયિકા'નાચાર ફિલ્મફેર એવોર્ડ્સઉપરાંત અગણિત સન્માન મળ્યાં છે.એમ.એસ.સુબુલક્ષ્મીબાદ માત્ર લતાજી જ બીજા એવાં ગાયિકા છે જેને ભારત સરકારે સર્વોચ્ચ 'ભારત રત્ન'નું બિરુદ ૨૦૦૧માં આપ્યું છે.

લતાજીનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ ઈન્દોરમાં મરાઠી ભાષી ગોમાંતકમરાઠા પરિવારમાં થયો હતો. તેમના પિતાજી દીનાનાથ મંગેશકર નાટકના શાસ્ત્રીય ગાયક અને અભિનેતા હતા.લતાજીના પહેલાં ગુરુ પિતાજી હતા, પાંચ વર્ષની ઉંમરેપિતાજીના મરાઠી સંગીત નાટકોમાંતેઓ મંચ પર અભિનય કરતાં હતાં. ૧૯૪૨માં લતાજીની ૧૩ વર્ષની ઉંમરેપિતાજીનુંહૃદયરોગનાહુમલામાં નિધન થયું. ત્યારે પિતાજીના મિત્ર માસ્ટર વિનાયકે લતાને ફિલ્મોમાં ગાયન-અભિનય માટે કામ આપવા માંડ્યું. ૧૯૪૩ની મરાઠી ફિલ્મ 'ગજાભાઉ'નુંહિન્દી ગીત 'માતા એક સપૂત કી દુનિયા બદલ દે તું' લતાજીનું પહેલું હિન્દી ગીત બન્યું. ચાર ભાઈ-બહેનોમાં લતા મંગેશકર સૌથી મોટા. ત્યાર બાદ આશા ભોંસલે, હૃદયનાથ મંગેશકર, ઉષા મંગેશકર અને મીના મંગેશકર. ફિલ્મકાર શશધર મુખર્જીએલતાજીના અવાજને 'ખુબ પાતળો' માની જાકારો આપ્યો હતો. 'મહલ' (૧૯૪૯)માં ખેમચંદ-કાશનાનિર્દેશનમાંલતાજીએ ગાયું, 'આયેગાઆનેવાલા' અને મળી ગઈ સફળતાની કેડી. ૧૯૫૦ ના દાયકામાં લતાજીએત્યારના દિગ્ગજ સંગીતકારોનાસ્વરોમાં ગાયું. જેમાં અનીલબિસ્વાસ, શંકર જયકિશન, નૌશાદ, એસ. ડી. બર્મન, હુસ્નલાલ ભગતરામ, સી. રામચંદ્ર, હેમંત કુમાર, સલિલ ચૌધરી, ખય્યામ, રવિ, રોશન, કલ્યાણજી આનંદજી, વસંત દેસાઈ કે મદન મોહનનો સમાવેશ થાય. લતાજીને તેમનો પહેલો ફિલ્મફેર એવોર્ડ સલિલ દા ના સંગીતમાં 'આજા રે પરદેસી-મધુમતી' (૧૯૬૮) માટે મળ્યો. ૧૯૬૦ના દાયકાની શરૂઆત જ લતાજીની અજરામર રચના 'જબ પ્યાર કિયા તો ડરના ક્યા -મુઘલ-એ-આઝમ'થી થઈ. આ ફિલ્મ, તેનું નૌશાદ સાહેબનું સંગીત અને લતાજીનો કંઠ એક અમર કોમ્બીનેશન બનાવી ગયું. ૨૭ જાન્યુઆરી, ૧૯૬૩ની સાંજ પણ યાદગાર રહી. ભારત પર ચીને કરેલા આક્રમણની પાશ્વભૂમિકામાં વડા-ધાન જવાહરલાલ નેહરુની હાજરીમાં મુંબઈના ચોપાટી મેદાન પર લતાજીએ કવિ પ્રદીપનાબોલમાં સી. રામચંદ્રની ધૂન પર ગયેલું 'અય્મેરે વતન કે લોગો' આજે પણ સૌથી વધુ અસરકારકદેશભક્તિનું ગીતછે. વડાપ્રધાન નરેન્દ્રમોદીએ તે ફરી પણ ગવડાવ્યું. લતાજી-મદન મોહન કોમ્બીનેશને યાદગાર ગઝલો આપી. સદાબહાર શંકર જયકિશનેલતાજી માટે પોતાની શ્રેષ્ઠ ધુનો અનામત રાખી હતી. શંકર જયકિશનના સંગીતમાં કોઈ એક કલાકારે ગયેલાં સૌથી વધુ ગીતો પણ લતાજી એ ગાયાછે. વર્ષોવર્ષ તે ખજાનો ખુલતો જ રહ્યો. ૪૫૩ ગીતો ગાઈનેલતાજી તેમાં શિરમોર છે. ગાયન ક્ષેત્રે સાત દાયકા સુધી ગાતા રહેવાનો લતાજીનો વિક્રમ છે. તેમણે ૧૩ વર્ષની ઉમરથીફિલ્મી ગાયન શરુ કર્યું હતું. ગાયકીના સાત દાયકા સુધી તેઓ ગાતા રહ્યાં અને નવી પેઢીના સંગીતકારો આનંદ મિલિન્દ, નદીમશ્રવણ, જતીનલલિત, દિલીપસેન-સમીર સેન, ઉત્તમ સિંઘ, અનુ માલિક, આદેશ શ્રીવાસ્તવકે એ.આર. રેહમાનનીધુનો પર ગીતો ગાતાં રહ્યાં. તેમણે જગજીતસિંઘ સાથે ગાયેલું 'સજદા' આલબમ દેશમાં સૌથી વધુ વેચાયેલું બિન-ફિલ્મીગીત આલબમ છે. નવી પેઢીના બાલા સુબ્રમણ્યમ, ઉદિત નારાયણ, હરિહરણ, કુમાર સાનુ, સુરેશ વાડકર, મોહંમદ અઝીઝ, અભિજિત, રૂપ કુમાર રાઠોડ, વિનોદ રાઠોડ, ગુરદાસમાન કે સોનું નિગમ સાથે પણ લતાજીએ ગાયું છે. મધુબાલાથી માંડી માધુરી દીક્ષિત અને ઐશ્વર્યા રાય સુધીની અભિનેત્રીઓનીપેઢીનેલતાજીના અવાજનો લાભ મળ્યો છે. દેશ-વિદેશમાં લતાજીની લોકપ્રિયતા તેમને જગતના મહાન ગાયિકા રૂપે માન અપાવે છે. જન્મ દિવસે લતાજીદીદીને આપણે માનપૂર્વક વંદન કરીએ.

# આયના સામે ઊભા રહીને જાત સાથે વાત કરતાં આવડે છે?



પહેલો જ પ્રશ્ન એવો થાય કે આ કેવો પ્રશ્ન? દરરોજ જ કાચમાં તો જોઈએ જ છીએ. પણ સત્ય એ છે કે શું આપણે આપણી જાતને, એથી વિશેષ તો આપણી સાચી જાતને જોઈએ છીએ ખરાં? આપણે જો આપણી જાતને મળવું હોય તો કાચની સામે ઊભા રહી જવું. પછી સ્વ સાથે સંવાદ શરૂ કરવો.

ગમો- અણગમો, સંતોષ- અસંતોષ, આશા- નિરાશા, ભાવ-અભાવ વગેરે આપણાં સ્વભાવ ઉપર જ આધાર રાખે છે. આપણાં મન અસંતોષ અને અશાંતિને લીધે જ આ બધી પળોજણ ઊભી થતી હોય છે. એનાં લીધે જીવનનો જે ખરો આનંદ છે એ લૂંટી શકાતો નથી.


જેમ આ નકારાત્મકતા આપણાંમાં હોય તેમ જ સકારાત્મકતા પણ આપણામાં હોવાની જ ને! એને બીજે ક્યાંય શોધવા જવાની જરૂર નથી પડતી. ફક્ત આપણે આપણામાં ડોકિયું કરવા જેટલી વાર હોય છે.

જીવનમાં એક જ મંત્ર યાદ રાખવા જેવો છે, આપણે આપણી ફરજમાંથી ચુકવું નહીં ને બીજા પાસે અપેક્ષા રાખવી નહીં! મન, મગજ અને જીવનમાં શાંતિની ઈચ્છા ધરાવતા હોઈએ તો બધું જ કૃષ્ણાર્પણ કરવા જેવું ખરું!

જીવનમાં બધું જ અને બધાંને જ માફ કરતાં શીખી જઈએ તો જીવન ઘણું સરળ બની શકે એમ છે. મનુષ્ય જન્મ મોક્ષ માટે મળ્યો છે નહીં કે મુશ્કેલી ઉભી કરવા માટે.

દરેક પરિસ્થિતિ આપણે જ ઊભી કરીએ છીએ અને દોષ નો ટોપલો ભગવાન ઉપર ઠાલવીએ છીએ કે, ભગવાન તે મને કેમ દુઃખ આપ્યાં? મને જ કેમ તું સતાવે છે? મારી સાથે જ તું કેમ ખરાબ કરે છે? વગેરે વગેરે.. દરેક પ્રસંગો, ઘટના, સ્થિતિ,પરિસ્થિતિનું નિર્માણ કરતાં માનવી જ છે છતાં એને મદદ કરવા તો ભગવાન જ આવે છે. આ ખરું છે નહીં!?

આપણી સંસ્કૃતિ ઓમની સંસ્કૃતિ છે. અહમ્ ની સંસ્કૃતિ છે. અહંની નહીં. તેથી જ કદાચ શિવોહમ્ બોલીએ છીએ. આપણે સૌ જાણીએ છીએ કે આ સૃષ્ટિના કણકણમાં ઈશ્વર વસેલો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ભલે ઈલેક્ટ્રોન, પ્રશ્નોટોન વગેરે વ્યાખ્યા થાય.



## નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

આપણે સૌ લાગણી અને હૂંફને આધારે જીવનારા જીવ છીએ. વિજ્ઞાન ગમે એટલું સાચું જ હોય ધર્મ અને સંસ્કૃતિને બરાબર લગોલગ ચાલતું હોય આમ છતાં વાત જ્યારે આપણી કે આપણાં પરિવારની કે કોઈ પણ જીવની આવે એટલે ભાવુક જ થતાં હોઈએ. ત્યાં સઘળું સાયન્સ અને ગણિતની ગણતરી નકામી.

આ જીવન દરમિયાન આપણે ઘણીવાર પછડાઈએ છીએ ત્યારે ફરી ઉભા થઈએ. ફરીથી પૂરી તાકાત અને શ્રધ્ધાથી નવી શરૂઆત કરવા મથીએ. કોઈવાર જડમૂળથી હલી જઈએ એવુંયે થાય. પરંતુ ત્યારે અચૂક કોઈ વાસુદેવ આવીને ગીતા સંભળાવી અને સમજાવી જાય અને આપણામાં નવી ચેતનાનો સંચાર કરી જાય એવું બને! ફરી બેઠા થઈએ અને ફરી આ કહેવાતી આપણી દુનિયા સામે બાથ ભીડવા મંડી પડીએ.

કહેવાય છે કે, પહેલું સુખ તે જાતે નર્યા. સ્વાતં સુખાય... વિશે વિચારવું. આમ? પણ? આપણાં સૌનાં જ ધર્મ અને સંસ્કૃતિમાં કહ્યું જ છે ને!

પોતાની જાતને ફરી જીવંત કરવું એ ખોટું નથી. મૃતપાય અવસ્થામાં કોઈ જીવ ક્યાં સુધી પડી રહે???

અનેક યાતનાઓ સહન કર્યા પછી માણસ નવું જીવન શરૂ કરે એ લોખંડી જ હોય! દુનિયાદારીની અસર ધીમે ધીમે એના ઉપર ઓછી થવા લાગે, કારણ એ બીજાથી પોતાની જાતને બચાવવા માટે હ્દયને વજ્ર સમાન બનાવી દે છે.

લાગણીને અટકાવી દે છે. ધીમે ધીમે એ શાંત થવા લાગે છે. બહુ બોલકો જીવ જ્યારે શાંત થાય છે ને ત્યારે એ તો ઠીક એની આજુબાજુની દુનિયા અકળાઈ ઊઠે છે, ગૂંગળાઈ ઊઠે છે.

એકવાર જો તમે તમારો વિચાર કરતાં થઈ જશો તો આખી દુનિયા તમારું વિચારતી થઈ જશે. પણ જો, લાગણીવેડા કરવાં ગયાં, પોતાનું માન સન્માન નેવે મૂકી બીજાં માટે જીવવા ગયાં તો યાદ રાખજો આજ લોકો તમને ચૂસી જશે. તમે એમના માટે જીવશો તો એ પણ ફક્ત પોતાનાં માટે જ જીવશે. આ દુનિયા આખી, હું, તમે બધાં જ સ્વાર્થનાં જ સગા છીએ અને એટલે જ સાથે પણ રહીએ છીએ.

તમારી પાસે ગમે એટલાં નોકર-ચાકર ગાડી, બંગલા હોય પરંતુ તમે જ્યારે મૃત જાહેર કરવામાં આવશો ત્યારે ગણતરીના સમયમાં તમને જ તમારા આલીશાન બંગલામાંથી કાઢી જશે અને એ બંગલાની, તમારાં નામની જગ્યામાં પણ તમારો અગ્નિસંસ્કાર ના કરશે. તમને પણ એ જ જગ્યાએ લઈ જવામાં આવશે જ્યાં થોડાં સમય પહેલાં જ એક ભિખારીને બાળવામાં આવ્યો હતો. એથી છેલ્લે તો સઘળું સમાન. એ પછી જીવન હોય કે મૃત્યુ.

ભલે તમે બીજાં માટે જીવો પણ તમારી જાત માટે પણ સમય કાઢો. પોતાનું સન્માન કરો. સમયે સમયે પોતાની જાતને મઠારવાથી આપણામાં નવો ઓપ આવે જ છે! આપણાં મન અને? મગજની શાંતિથી વધુ આ વિશ્વમાં બીજું કંઈ જ નથી! અને કમનસીબે શાંતિ બજારમાં વેચાતી જ નથી! નહીં તો માણસ એની પણ કાળા બજારી કરતે. આતો માણસ છે સાહેબ! એણે ભગવાનને જ વહેંચવાનો અને ખરીદવાનો બાકી રાખ્યો છે!

શાંતિ આપણી અંદર જ છે એને શોધવું જરૂરી છે!

જ્યારે તમને એવું લાગે કે ફરી સમય થયો છે પોતાની જાતને સંભાળવાનો કે સુધારવાનો કે શાંત થવાનો?. એ સમયે થોડાં પોતાના માટે સ્વાર્થી બની, તમામ સંબંધો, દુનિયાદારી, વગેરે બધું જ થોડાં સમય માટે નેવે મૂકી ફક્ત પોતાનાં ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું. સ્વની ખોજ કરી પોતાની જાતને ફરી ઘડવું, ફરી પોતાની જાતને દરેક પરિસ્થિતિમાં ટકી રહેવા પરિપક્વ બનાવવું. દુનિયા સમક્ષ રજૂ થવા ઉતાવળ ન કરવી.? પહેલાં પોતાની જાતને ટકોરા મારી ચકાસી લેવું. પોતાની જાતને સમય આપવો, શાંત થવા સમય લેવો એ કંઈ જ ખોટું નથી. તમે કયો રસ્તો અપનાવો છે એ બહુ મહત્વનું નથી. ધ્યાનનો કે એકલતાનો...

આવાતો અનેકો રસ્તાઓ છે. જરૂરી છે તો મનની શાંતિ. આપણાં મગજની શાંતિ. આપણને ગમતું કરવું.

સારી ટેવોને હંમેશાં સાથે રાખવી. આપણી જાતને ખુશ કરવા બીજાંને ન નડીએ એનું ખાસ ધ્યાન રાખવું કે જાણતાં અજાણતામાં દુઃખી ન કરી બેસીએ એ ખાસ ધ્યાન આપવું. કારણ મનની શાંતિ ત્યારે જ મળે જ્યારે આપણે સૌથી પહેલાં બીજાને રાજી કરીએ અને પછી આપણી તરફ વળીએ. ઘણીવાર એવું બને કે થોડાં સમય માટે મળેલી વ્યક્તિ જીવનો સૌથી મોટો અને કાયમ યાદ રહી જાય એવો પાઠ ભણાવી જાય!

આપણે શાંત હોઈશું, સ્વસ્થ હોઈશું તો જ બીજા માટે કંઈક કરી શકીશું. નહિ તો પોતે પણ દુખી થશું અને બીજાને પણ કરીશું.

બને ત્યાં સુધી કોઈ પાસે પૈસાની અને લાગણીની, પ્રેમની માંગણી ન કરવી. તો જ આપણું માન- સન્માન અને સૌથી અગત્યનું સ્વમાન જળવાઈ રહે!

# દરેકને પોતાનો 'એવરેસ્ટ' હોવો

એવરેસ્ટ પછી શું ? એવરેસ્ટ પછી મારી જિંદગીમાં કોઈ પરિવર્તન આવ્યું છે ? ડેવિડ બોર્ડમેન કહે છે, '...એવરેસ્ટનું શિખર તમને ઈચ્છાઓની કેદમાંથી મુક્તિ અપાવે છે.' એવરેસ્ટ આરોહણ પહેલાં મારા માટે એ પર્વત એક પુરી ન થઈ હોય એવી ઈચ્છા, માંડ પોતાનું અસ્તિત્વ જાળવી રાખતી આસા અને મારી અનંત અભિલાષાઓની અભિવ્યક્તિ સમાન હતો. એવરેસ્ટ આરોહણ પછી જિંદગીનાં ઘણાંબધાં મુલ્યવાન સત્યો આપોઆપ મારી સમક્ષ પ્રગટ્યાં છે. મને ખબર નથી કે આ પર્વતરાજની અપેક્ષાઓ હું પૂરી કરી શક્યો છું કે નહીં. હું તો બસ એટલું જ જાણું છું કે એણે મારાં બધાં સપનાં સાકાર કરી આપ્યાં છે. સપનાં સાકાર કરવા ઉપરાંતની કૃપાઓ પણ એણે મારા પર ભરપુર વરસાવી છે. એણે મને સાદગીનો આનંદ માણતાં શીખવાડ્યું છે. જિંદગી કેટલી બધી ગૂંચરહિતની અને સરળ બની શકે એમ છતે એ બતાવ્યું છે. જિંદગીમાં સૌની સાથે હળીમળીને આનંદ વહેંચતાં રહેવાનું ખરું મૂલ્ય સમજાવ્યું છે. અને કુદરતનાં તત્વો સાથે સંવાદ સાધતાં શીખવાડ્યું છે. મને લાગ્યું છે કે હું ભગવાનનો લાડકો દીકરો છું. એ જ મારી સંભાળ રાખે છે, રક્ષા કરે છે અને આશીર્વાદ આપે છે. મારા જીવનની ક્ષિતિજો પર એવરેસ્ટ શિખર પરથી એટલા તો આશીર્વાદ વરસ્યા છે કે હવે મને જીવનની કોઈ પણ સમસ્યા સાવ નાની લાગે છે અને સૌથી સારી વાત એ છે કે આ અનુભવ મારામાં ખજાનાની જેમ સમાઈ ગયો છે. મને જ્યારે જરૂર પડે ત્યારે હું એમાંથી તાકાત મેળવી શકું એમ છું. ક્યારેય કોઈએ ખજાનાને લુંટી શકે એમ નથી. એ મારી અંદર સુધી સમાઈ ગયો છે.



કાયમ માટે હવે એ મારો જ છે. જીવનની આપાધાપીમાં ક્યારેક હું આ મહામહેનતે પ્રાપ્ત થયેલા દ્રષ્ટિકોણથી વિમુખ થઈ જાઉં છું. એ વખતે મારે મારા રસ્તે પાછા આવવા માટે એવરેસ્ટના અનુભવને ફરીથી યાદ કરી લેવો પડે છે. જો કે મોટે ભાગે તો આ વાત મને મારા 'આત્માના અવાજ' જેવી પત્ની યાદ કરાવતી હોય છે ! કોઈ વાતે હું દુઃખી હોઉં કે હારી જતો હોઉં ત્યારે એ જ મને યાદ કરાવે છે કે મારી જિંદગી કેટલી પુણ્યશાળી બની ગઈ છે અને હું ફરી એકવાર ઊર્જાથી ભર્યોભર્યો થઈ જઉં છું. ભારતીય ઋષિમુનિઓ યુગોથી કહેતા આવ્યા છે કે દરેક વ્યક્તિનો જન્મ ચોક્કસ હેતુસર થાય છે. પરમાત્મા આપણા આત્માને શરીરથી મુક્ત કરે ત્યાં સુધી આપણે સૌ જાણે-અજાણે એ જ હેતુ માટે જીવતા હોઈએ છીએ હું હવે માનતો થયો છું કે આપણી જેમ જ, કુદરતના એકેએક પાસાને એનો પોતાનો આગવો હેતુ હોય છે. મારા જેવા લોકો માટે સ્થિતપ્રજ્ઞ જેવો એવરેસ્ટ છે, શરીર અને મનની શક્તિની ઓળખ થાય એ માટે, અને ઓળખ થયા પછી હજુ વધારે ક્ષમતા પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે માટે.



## વાંચન-આચમન

- શીતલ ઉપાધ્યાય

એવરેસ્ટના બીજા જે હેતુઓ હોય તે, મને લાગે છે કે મારી જાતને ઓળખવા માટે અને મારા માટે સકારાત્મક વિચારોના તથા મારી પ્રચ્છન્ન શક્તિઓના વિશ્વનાં દ્વાર ખુલે તે માટે એ છે અને મારા છેલ્લા શ્વાસ સુધી રહેશે. મને ખાતરી થઈ ગઈ છે કે જિંદગીનું ઘડતર સમય દ્વારા જ થાય છે. કેટલાક માટે જે 'આજ' છે તે વિશ્વના બીજા હિસ્સામાં રહેનારાઓ માટે 'ગઈકાલ' છે અને બીજા કેટલાક માટે 'આવતીકાલ' છે. 'ગઈકાલ' સાથે આપણે જે કર્યુ હોય તે 'આજ' માટે હજુ કશું બગડ્યું નથી. આ 'આજ'માં આપણી માનસિક-શારીરિક સીમાઓને ઓળંગીને આપણે 'ગઈકાલ'ને અનુભવ તરીકે તથા પાઠ શીખવામાં આવરીએ તો એવરેસ્ટ જેવડા આપણા કોઈ પણ કામ કરી શકીએ. 'ગઈકાલ'ના અને 'આજ'ના અનુભવોના આધારે આપણે 'આવતીકાલ'ની રચના કરી શકીએ.

આંખ સામે જો કોઈ ઉદાત્ત લક્ષ્ય નહીં હોય તો જિંદગીનો મહામૂલો સમય આડીઅવળી વાતોમાં વેડફાઈ જશે. માટે આપણે વિચારવાનું છે કે સીમાઓ ક્યાંય હોતી નથી અને પછી મોટાં સપનાં જોવાનાં છે. સપનાં આપણે ખુલ્લી આંખે જોઈએ કે બંધ આંખે, કશો ફરક પડતો નથી. મહત્વ સપનાં જોવાનું છે. લગભગ એક સદી અગાઉ સ્વામી વિવેકાનંદ કહી ગયા, 'એક વિચાર લો. એને તમારી જિંદગીનું ધ્યેય બનાવી દો-એના વિશે જે વિચારો, એનાં જ સપનાં જુઓ, એ વિચારને જ જીવો. તમારું મગજ, તમારા સ્નાયુ, તમારી એકેએક નસ, શરીરના દરેક અંગને એ વિચારથી ભરી દો અને એ વિચાર સિવાય મનમાં બીજું કશું જ ન રાખો. સફળતા આ જ રીતે પ્રાપ્ત થશે અને આપણા મહાન આધ્યાત્મિક પુરુષો આ જ રીતે મહાન બન્યા હતા. જાણો કે તમારી તકદીરના ઘડવૈયા તમે પોતે જ છો.' તમે આ બધું કરવા માગો છો ? આઝે ? અત્યારે ? વિચાર કરવો છે ? સપનાં જોવાં છે ? તમારી 'અંદર'ની જાતના કોઈક દુરના ખુણે બેસી જાઓ, અને નક્કી કરો કે તમારી 'બહાર' શું કરવાની તમારી ઈચ્છા છે. તમે સમગ્રપણે શું બનવા માગો છો ? જો તમને ખબર હોય કે સીમાડાઓ હોતા જ નથી તો તમે તમારી જાતને ક્યાં સુધી લઈ જઈ શકશો ? લખી લો. આજથી જ એ દિશામાં કામ શરૂ કરી દો. પછી જુઓ કે તમે જે કરવા ધારો છો તેમાં કેટલી બધી શક્તિ, તાકાત, ઊર્જા ઉમેરાતી જાય છે. તમામ 'એવરેસ્ટ' પહેલી નજરે આરોહણ માટે અશક્યવત લાગે છે. પણ એક એક ડગલું ભરીને એની ટોચે પહોંચી શકાય છે. તમારો 'એવરેસ્ટ' ઈચ્છતો હશે કે તમે એના પર આરોહણ માટે પ્રયત્ન કરો જેથી તમને ખબર પડે કે તમારામાં કેટલી ક્ષમતા છે. મારો 'એવરેસ્ટ' સાચુકલો એવરેસ્ટ હતો. બધા માટે એ જ પોતાનો 'એવરેસ્ટ' હોય તે જરૂરી નથી. તમારો 'એવરેસ્ટ' કોઈક એવી બાબત હોય જે દેખીતી રીતે અમલમાં મૂકવાનું તમને અશક્ય લાગતું હોય. એની પ્રાપ્તિ માટે આપણે આપણાથી બનતું બધું જ કરવું પડે. એટલે જ પોતપોતાનો 'એવરેસ્ટ' રચીને એ 'એવરેસ્ટ' તરફ પહેલું ડગલું ભરો અને ભાગ્યને ઘડવાની યાત્રા શરૂ કરો.

સ્વામી વિવેકાનંદે કહ્યું કે 'આપણે જે વિચારો કરીએ છીએ એવા જ બનીએ છીએ. એટલે શું વિચારો છો એનું ધ્યાન રાખો. શબ્દો તો પછી આવે છે. વિચારો જીવે છે. દૂર દૂર સુધી જાય છે.

એટલે જ થિન્ક એવરેસ્ટ !

તમને તમારો એવરેસ્ટ મળવાનો જ છે.]

**સાભાર : અતુલ કરવલ અને અનિતા કરવલના 'થીન્ક એવરેસ્ટ'માંથી**

# સિદ્ધપુરનું બિંદુ સરોવર



## માતૃશ્રાદ્ધ અને શ્રાદ્ધ વિધિ કરવા માટે ભારતનું પવિત્ર સ્થળ એટલે માતૃગયા તીર્થે એકસાથે ૨૦૦ પરિવાર પૂજાવિધીનો લાભ લઈ શકે તેવી સુવિધા : કારતક સુદ અગીયારસથી પૂનમ સુધીના સમયે હજારો પરિવારો માતૃગયા ખાતે સ્નાન અને પિંડદાન કરી પિતૃઓને સંતોષવાનો પ્રયત્ન કરે છે

ગુજરાતના પાટણ જિલ્લામાં પ્રાચીન સરસ્વતી નદી કિનારે વસેલું ઐતિહાસિક સ્થળ એટલે સિદ્ધપુર. સિદ્ધપુર શહેર અતિ પ્રાચીન ધાર્મિક, પવિત્ર અને ઐતિહાસિક નગરી છે. ઉત્તર ગુજરાતમાં આવેલું સિદ્ધપુર શ્રીસ્થલ તરીકે પણ જાણીતું હતું, ત્યારબાદ સિદ્ધરાજ જયસિંહના સમયમાં તેમના નામ પરથી સિદ્ધપુર તરીકે જાણીતું થયું.

ભારતભરમાં સિદ્ધપુર માતૃશ્રાદ્ધ માટે ઓળખાય છે. દેશના કોઈ પણ પ્રદેશમાં વસતી માતાની અંતિમ એક માત્ર અભિલાષા સ્વર્ગવાસ બાદ સિદ્ધપુરમાં માતૃગયા ખાતે પોતાના પુત્ર પાસેથી પિંડ ગ્રહણ કરવાની હોય છે. કારતક સુદ અગીયારસથી પૂનમ સુધીના ભીષ્મ પંચક પર્વ સમયે લાખો યાત્રાળુઓ મેળાના સ્વરૂપમાં એકત્ર થઈ સ્નાનપ્રદાન અને પિંડ-દાન કરી પિતૃઓને સંતોષવાનો પ્રયત્ન કરે છે. ગત વર્ષે સિદ્ધપુર બિંદુ સરોવર ખાતે કારતક, ભાદરવો અને ચૈત્ર તેમજ સમગ્ર વર્ષ દરમિયાન અંદાજિત ૪૭,૧૦૦ જેટલા પરિવારના સભ્યો દ્વારા માતૃશ્રાદ્ધની વિધિવત પૂજા કરવામાં આવી હતી તેમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા જણાવાયુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર સિદ્ધપુર ખાતે ધાર્મિક ક્રિયા માટે આવતા દેશભરના યાત્રિકોને વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સતત કાર્યરત છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એક ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે, જેમાં યાત્રિકોને મળતી તમામ સુવિધાઓ, ગોર મહારાજની સંપર્કની વિગતો, પૂજા-વિધિ માટેના લોકેશન, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવશે. જેથી સિદ્ધપુર મુકામે આવનાર યાત્રિકોને આ સ્થળની તમામ સુવિધા અંગે પોર્ટલ મારફતે અવગત કરી શકાય. આ વિશાળ પરીસરમાં યાત્રાળુઓને તમામ સ્થળોની જાણકારી મળી રહે તે માટે સાઈટ મેપ પણ મુકવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં અહી એકસાથે ૨૦૦ પરિવાર પૂજાનો લાભ લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યના વિવિધ યાત્રાધામોનો અદ્યતન સુવિધાઓ સાથે વિકાસ કરવામાં આવે છે. જે અંતર્ગત ઐતિહાસિક નગરી સિદ્ધપુર મુકામે આવેલા બિંદુ સરોવર ખાતે તાત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૧૨માં નવીન કુંડનું નિર્માણ, માતૃશ્રાદ્ધનું મહત્વ સમજાવતું પ્રદર્શન, મ્યુઝીયમ, પાર્કિંગ, કુંડ, શૌચાલય, શ્રાદ્ધ વિધિ માટે જુદી જુદી છત્રીઓ હેઠળ બેઠક વ્યવસ્થા, રુદ્રમહાલયની પ્રતિકૃતિ, ગાર્ડન, સ્નાનાગાર, એમીનીટી સેન્ટર, વી.આઈ.પી રૂમ, ઓફીસ બિલ્ડીંગ, પ્રવેશ દ્વાર, પરિસરની કમ્પાઉન્ડ વોલ, સોલાર સિસ્ટમ વગેરેને વિકસાવવામાં આવ્યા હતા. આ સિવાય સિદ્ધપુરના બિંદુ સરોવર મુકામે આવતા યાત્રાળુઓ માટે પુરતી સ્વચ્છતા, સુરક્ષા, પીવાના પાણીની સુવિધા, શૌચાલય, પૂજા-વિધિ હોલ, ચેન્જીંગ રૂમ, ગાર્ડન અને ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી પણ કરવામાં આવી છે.

વધુમાં યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા બિંદુ સરોવર સિદ્ધપુર મુકામે રાત-દિવસ સ્વચ્છતા, સંપૂર્ણ પરીસરની સફાઈ, બિંદુ સરોવર કુંડનાં પાણીને ફિલ્ટર કરી ચોખ્ખું કરવું, અલ્પા સરોવરમાં પણ સફાઈની કામગીરી, બન્ને સરોવરમાં પાણીને સમયાંતરે સ્વચ્છ કરવા માટે ફિલ્ટરેશન પંપ, સીનીયર સીટીઝન માટે ઈ-રિક્ષા સહિતની સુવિધા કરવામાં આવી છે.

આ ઉપરાંત વિધિવત પૂજા માટે ઈચ્છુક નાગરિકો સરળતાથી લાભ લઈ શકે તેમજ સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને તે હેતુથી ડિજિટલ માધ્યમથી તમામ કામગીરી આગામી સમયમાં કરવામાં આવશે. અહી પિંડદાનની વિધિવત પૂજા-અર્ચના હેતુથી આગામી સમયમાં "Online Queue Management System" પોર્ટલ વિકસાવવામાં આવી રહ્યું છે. જેમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન, ઓનલાઈન સ્લોટ/સ્પોટ બુકિંગ, ઓનલાઈન પેમેન્ટ ફેસિલિટી મળી રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સિદ્ધપુરની વહોરવાડમાં બેનમૂન સ્થાપત્ય ધરાવતાં પૌરાણિક મકાનો આવેલા છે. ભારતનાં આવેલા પવિત્ર સરોવરો પૈકીનું એક બિંદુ સરોવર સિદ્ધપુર ખાતે આવેલું છે. બ્રહ્માંડની રચનાથી આદિ શક્તિના સ્વરૂપ તરીકે માતાનું વિશેષ મહત્વ છે. માતાની ભક્તિ અને સ્નેહનું મૂલ્ય કોઈ આંકી શક્યું નથી. બિંદુ સરોવર માતૃશ્રાદ્ધની વિધિ કરવા માટેનું પવિત્ર સ્થળ છે અને દેશના ખૂણે-ખૂણેથી હજારો પરિવારો દર વર્ષે ઓક્ટોબર અને નવેમ્બર એટલે કારતક મહિનામાં તેમની સ્વર્ગવાસ માતાની ધાર્મિક વિધિ કરવા માટે અહી મુલાકાતે આવે છે. હિન્દુ શાસ્ત્રો મુજબ બિંદુ સરોવર એટલે ટીપાંથી બનેલું સરોવર. એવું માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુના આંસુ તળાવમાં પડ્યા હતા. ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામે બિંદુ સરોવરના કિનારે તેમની માતા રેણુકાને પિંડ પ્રદાન કર્યું હતું. આ પવિત્ર સ્થાન પર પરશુરામનું મંદિર પણ આવેલું છે જ્યાં અનેક ઋષિમુનિઓએ તપસ્યા કરી હતી.

-જીગર બારોટ

# પ્રથમ દ્રષ્ટિએ થઈ ગઈ પ્રીત

**પ્રથમ દ્રષ્ટિએ થઈ ગઈ પ્રીત એને માતબર રાખી,**
**અમે જીવન ફના કીધું અને ક્ષણને અમર રાખી.**
**તમે કંઈ ના કસર રાખી : અમે પણ ના કસર રાખી,**
**તમે કરડી નજર રાખી : અમે કાયમ સબર રાખી.**
**નથી રહેતું હૃદય રાખ્યું નથી રહેતી નજર રાખી,**
**પછી ક્યાંથી રહે બોલો, ફિકર રાખી- ખબર રાખી!**
**કસોટી આકરી આવી થશે સ્વપ્ને ખબર નહોતી,**
**રહ્યાં કરતા અમોને ફૂલ પથ્થરનું જિગર રાખી.**
**તિમિરને ઢુંકવા દીધું નહીં પળવાર મહેફિલમાં;**
**હૃદય બૂઝી ગયું તો યાદ જલતી રાતભર રાખી.**
**ગમે તેવી ખુશાલી હો કદી ગમને નથી ભૂલ્યા,**
**હસ્યા છીએ ઘણી વેળા પરંતુ આંખ તર રાખી.**
**હતો એવો સરસ હેતુ અમારી દોસ્તીનો કે-**
**જમાને દુશ્મની કાયમ કશા હેતુ વગર રાખી.**
**મરી ચૂક્યા હતા તો યે ઘડી પગ વાળી ના બેઠા,**
**મરણની બાદ પણ જારી અમે જીવન- સફર રાખી.**
**અમોને યાદ કરશે આદમી વર્ષો સુધી ઘાયલ**
**અમે ઉઠ્યા છીએ આલમ મહી એવી અસર રાખી.**
**-અમૃત ઘાયલ**

અમૃત ઘાયલની જલતી યાદ ગઝલને પરિપૂર્ણ આસ્વાદ આપી શકીએ પરંતુ પ્રિયતમાની આવતી યાદના શબ્દો અહીં વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. પ્રિયતમાના શબ્દે શબ્દો સાથે સંકળાયેલ સંવાદ અને જલતી યાદ સાથેના કાનમાં અથડાતા સંવાદો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.



## સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

પ્રીતિના શબ્દો મળ્યા ત્યારે હું પ્રેમનગરી પાસે ગયો. પ્રિય નગરીએ અમને દુર્લભ એવા શબ્દો આપ્યા. તમારી કલા, અભિવ્યક્તિ વગેરે દ્વારા તમે ભવિષ્ય, ભૂતકાળને ભૂલી જવાની હિંમત કરો ત્યાં સુધી જીવશો. તમારો દેહ જર્જરીત થશે; તમારી કવિતા, સાહિત્ય કે કલાનો વૈભવ તો સ્વર્ગલોકની અપ્સરા જેવો ચીરપૂરવા રહેશે.

આવા શબ્દો મને મળ્યા જ હોવા જોઈએ. નહીંતર, કાલિદાસ આજે કેમ આપણા વચ્ચે છે? વેદની ઋચાઓ, આગમો, બાઈબલ, કુરાન, અવેસ્થા- આ બધી કવિતા આજે કઈ રીતે આપણી વચ્ચે છે ?

પ્રીતિ ! આપની સમગ્ર વાતને એક ગ્રંથ તરીકે સ્વીકારી રહ્યો છું જાણીને આનંદ અને વિખવાદ થાય એ સહજ છે. આપની વાતને સ્વીકારીને આશિક સમાજને મસ્તક ચડાવી છે, હવે આશિક એ વાત નમન લે એ સમાજનો ધર્મ થઈ પડે છે. આવા અઘાત રુડા કાર્ય માટે હું મારી પ્રસન્નતા અને પ્રભુ પ્રાર્થના વ્યક્ત કરું છું કુદરત સ્મરણ સાથે.

આજે આવો જ એક હૈયે જડેલ અવસર દિપાવવા આપણે મળ્યા હતા.

આશિકી સમાજ, કાવ્ય તત્વોને ઉચ્ચતમ કક્ષાએ દેશની તમામ લાગણીઓની હરોળમાં મૂકી, લાગણીની અદ્વિતીય અસ્મિતાને ગરીમામય બનાવનાર આપણા કર્મો જૈફ વયે પણ એટલા જ કાર્યદક્ષ અને પ્રતિભાથી ઝળહળી રહ્યા છે. આજે પણ હૈયેથી નીતનવનીત ગઝલના/ કાવ્યના સરવાણ અસ્ખલિત વહ્યા જ કરે છે.

આવા ઉચ્ચ પ્રેમના સરવાણનું અનોખું સન્માન કરવાનું મારા ભાગનો યુગધર્મ બની રહે છે. પ્રીતિ! કેટલાક ચાહક -મિત્રોને હૈયે આ મળવાનો પુણ્યોદય થતાં જ, લાગણી અભિવાદન કરવાના અવસરની અવસર થઈ. અને તેથી જ તમારું ઉષ્મા- ઉમળકાભર્યું સન્માન કરવાનું આ સર્વદેશીય તમારું આયોજન હતું- ફળસ્વરૂપ આપણે ભેગા થયા.

આ અભિયાનમાં તમારા સ્વરૂપ, વાણી વિલાસને પોતાના મધુર કંઠે, દિલમાં ઉરોઉરગુંજતી કરનાર તમારા શબ્દો મોખરે રહ્યા; અને ઊર્મિના પ્રાણ પ્રણેતાના શબ્દોને મળી, તમારી સંમતિ મેળવી લીધી.

પ્રીતિ! તમને આનંદ યશ કે આ અવસરે, હું સર્જિત તમામ શબ્દનો સંગ્રહ કરી, આ દળદાર દિલ મોટું કર્યું પ્રેમ અને પ્રેમનગરી બંને અમીભરી શબ્દ, વાણીનું રસપાન કરાવ્યું -કરાવશે. સદભાગ્યે આ અભિયાનને પ્રખર આશીર્વાદ મળ્યા અને તે પોતાના કિમતી સમય ફાળવી મારી સર્જન પ્રતિભાની સરાહના કરવાનું ઔદાર્ય દાખવ્યું. આ સન્માન શબ્દોમાં, આપ સૌના હાર્દિક અને આર્થિક સહકારની અમારી મનોવાંછના -શ્રદ્ધા ફળી, તે આનંદની વાત છે.

કવિતા હંમેશા કવિને અતિક્રમી જાય છે. કવિ જ્યારે કોઈ ભાવ નિરૂપે છે ત્યારે એના સભાન મન સામે કેવળ સીમિત અર્થ હોય છે. પરંતુ કવિતા અર્થનો વૈભવ ઉભો કરી દે છે. ભાવ જગતની અસીમ શક્યતાઓ શબ્દની સીમામાં બંધાયેલી કવિતા માંથી ઉઘડે છે.

ઘાયલની કવિતાના વૈભવનો વિચાર કરું છું ત્યારે મનુષ્યના સીમિત વિભાગમાંથી પ્રગટતા અસીમ ભાવ સૌંદર્યના જગતનો પ્રત્યક્ષ પરિચય થાય છે. આ ઉદાર કુદરત પાસે જે કંઈ છે એ સમસ્ત મારું છે. જે ફુલ એની શાખાથી જુદું થયું નથી એ મારા જ અંશમાં આવીને પડ્યું છે. પ્રીતિની શ્રીમંતાઈ આ છે.

રૂખાવતી કુદરતનો મિજાજ પ્રીતિમાં છે; જૂની નવી અદાવત જેવા શબ્દો કુદરત માટે વાપરીને પ્રીતિએ ઔદર્યની અસીમ વ્યાખ્યા બાંધી છે. વિરાટ કુદરત પાસે જે કંઈ છે, એ આપણું છે જો લેવાનો વિવેક હોય તો. સૂર્યના પ્રકાશથી માંડીને અમાવસ્યાના નીબીડ અંધકાર વચ્ચે મહોરતી સમસ્ત શ્રી આપણી છે. ફુલ શાખા પરથી તોડાય ત્યારે આપણું મન મોહી જાય છે. એ શાખા પર હોય ત્યારે આપણી જ ગોદમાં પડ્યું હોય એવું લાગે છે.

પ્રીતિના આ અસીન કુદરતની ઉદારતા મન ભરીને વરસી છે; એમની ભાષા, શબ્દ, અભિવ્યક્તિ બધામાં પ્રકૃતિ સત્તધારે વરસી છે. બીજા અવસરે જે પ્રીતિ મારા તરફ વળ્યા એમાં પ્રીતિ મુખ્ય છે. નવી જીવન દિશાના આધારક આ વિરાટ સ્વરૂપ સાથે ઠીક ઠીક કામયાબીથી કામ પાડી રહ્યા છે; પરંતુ એ બધાની એક મર્યાદા હતી. શબ્દની પરંપરામાં મૂળ શબ્દ, વાણીમાં શોધતો હતો. મારા પરિચય સાથે તું સંલગ્ન ન હતી. આજે હું અને તું સિવાયના સ્વરૂપોમાં સંબંધોમાં શું કામ થઈ રહ્યું છે એથી અજાણ હતાં. એમાં થોડાક સુખદ અપવાદો વિકસ્યા. પ્રીતિ એમાંના એક છે. પ્રીતિની વાણીના રંગને અને એની વિશેષતાને આ મરમીએ ચાર દાયકા પહેલાં ઓળખી લીધા છે.

મેં વાતચીત દરમિયાન પહેલીવાર પ્રીતિને સાંભળ્યા અને એ કાવ્યના આસ્વાદમાં આપણા ઘરનું એક અંગ બની વિહરતી દેખી. પરાઈ ભૂમિમાંથી આવતી શબ્દ પદ્ધતિ કાં તો મૂળના શબ્દ પ્રયોગો, ભાવભંગીની ને પ્રતિકોને એટલા ને એવી રીતે ઉઠાવી લાવે છે કે આપણી ભાષાની છાતી પર બેસીએ પોતાનો ન્યારો ચોકોને અવિકાર જમાવતી લાગે છે.

પ્રીતિ તેમણે પોતાના લોહીમાં ઘૂટી છે, આત્મસાત કરી અપનાવી છે અને પછી ઘરાળું બાનીમાં એવી રીતે રમતી રાખી છે કે મારા નિજનું વ્યક્તિત્વ ઝાંખું ન પડે ને સંવેદનના શીરાઝી સૌંદર્યને આંચન આવે છે.

**જીવન મહીં જગત છે જીવન છે જગત મહી,**
**છૂપા અનેક રંગ છે પ્રત્યેક રંગમાં.**
**- ઘાયલ.**

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 28, September 2024


## યોગ નિદ્રા પર વૈજ્ઞાનિક મહોર

આપણી હજારો વર્ષના યોગના વારસાની સાર્થકતા નિર્વિવાદ છે. પરંતુ પ્રગતિશીલ કહેવાતા એક વર્ગનો તર્ક હોય છે કે યોગને વિજ્ઞાનની કસોટી પર કસવામાં આવે. જોકે અમેરિકા, યુરોપ અને ખાસ કરીને ચીનમાં યોગને લઈને ઘણી શોધ કરવામાં આવે છે. થોડા સમય પહેલાં નોબેલ પુરસ્કારથી સન્માનિત એક અમેરિકી ન્યૂરો સર્જને માન્યું હતું કે -ાણાયમ માનસિક રોગોના ઉપચારમાં સૌથી વધુ પ્રભાવી છે. જોકે, આજે આખી દુનિયામાં યોગ બજાર સજાવીને અબજોનો કારોબાર કરાઈ રહ્યો છે, પરંતુ ભારતમાં યોગ પ્રત્યે એવી દીવાનગી જોવા નથી મળતી. નિઃસંદેહ મોદી સરકારને દેશ-વિદેશમાં યોગને પ્રતિષ્ઠિત કરવા તથા એલોપથી અને અન્ય ચિકિત્સામાં સમન્વયની દિશામાં સાર્થક પહેલ કરવાનું શ્રેય આપવું જોઇએ. હાલમાં જ આઈઆઈટી અને એમ્સ દિલ્હી દ્વારા એમઆરઆઇ દ્વારા કરાવવામાં આવેલ એક અધ્યયનમાં એ વાતની પુષ્ટિ થઈ કે યોગનિદ્રાથી ન માત્ર ઊંઘની ગુણવત્તા વધે છે, બલ્કે મનના ભટકાવને રોકીને ઊંઘને પણ નિયંત્રિત કરી શકાય છે. અસલમાં યોગ નિદ્રા સૂવા અને જાગવા વચ્ચે એક સચેતન અવસ્થા છે. જેનો ઉપયોગ યોગી ધ્યાન સાધના માટે કરે છે. યોગ નિદ્રાની માનસિક સ્વાસ્થ્ય માટે ઉપયોગિતા નિર્વિવાદ રહી છે. હવે આઈઆઈટી એમ્સ દિલ્હીના સંશોધનમાં પણ એ વાત સ્વીકારવામાં આવી કે તેનાથી આરામનો ઊંડો અહેસાસ થાય છે. જ્યારે બીજી તરફ નિયમિત યોગ અને ધ્યાન કરનારા લોકોની ઊંઘને નિયંત્રિત કરવાની ક્ષમતા સામાન્ય લોકો કરતાં વધુ જોવા મળી. આ વૈજ્ઞાનિક શોધમાં કેટલાય મહત્ત્વપૂર્ણ ખુલાસા થયા. નિઃસંદેહ, જે લોકોને કેટલાય પ્રકારના મનોકાયિક રોગ હોય છે, તેમના માટે યોગ નિદ્રા રામબાણ સાબિત થઈ શકે છે. એ જ કારણ છે કે અમેરિકા અને ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં વ્યાવસાયિક તણાવ ઓછો કરવા માટે યોગ નિદ્રા પર ભાર મૂકવામાં આવે છે. દિલ્હીમાં થયેલ શોધમાં યોગ નિદ્રાથી ચેતનાના ઉચ્ચતમ સ્તરને હાંસલ કરવાના તથ્યને પણ સ્વીકારવામાં આવ્યું. શોધકર્તાઓએ માન્યું કે યોગ નિદ્રા દ્વારા ઊંડા અવચેતન મનમાં દબાયેલી કુંઠાઓને માનસિક સ્તર પર લાવીને, સમયાંતરે તેનાથી મુક્તિમાં મદદ મળે છે. જેનાથી વ્યક્તિના સ્વાસ્થ્યમાં સુધાર થાય છે. આજના દોડાદોડીના જીવનમાં જ્યારે દરેક જણ વિચારવાયુના દર્દથી પરેશાન થઈ રહ્યા છે તો યોગ નિદ્રા આપણા મનના ભટકાવને રોકવામાં મદદગાર બની શકે છે. શોધ દરમ્યાન બનાવવામાં આવેલ બે સમૂહોમાંથી નિયમિત યોગ કરનારા સમૂહના લોકોના મગજની પેટર્નના તુલનાત્મક અધ્યયનથી ખબર પડી કે યોગ નિદ્રા આપણા મસ્તિષ્કને કેવી રીતે નિયંત્રિત કરે છે. યોગીઓ જણાવે છે કે થોડી મિનિટોની યોગ નિદ્રા કેટલાય કલાકની સામાન્ય ઊંઘના મુકાબલે વધુ આરામ આપનારી હોય છે. વ્યક્તિ ધીમે ધીમે યોગ નિદ્રાની અવધિ વધારીને બહેતર પરિણામ પ્રાપ્ત કરી શકે છે. આ જ આપણા ધ્યાનને ઊંડું બનાવવામાં પણ મદદગાર સાબિત થઈ શકે છે. પરંતુ અનુભવી યોગી પાસેથી શીખીને યોગનિદ્રા કરવાથી વધુ બહેતર પરિણામ મેળવી શકાય છે.

### મેક્રોને કહ્યું, સંયુક્ત રાષ્ટ્રને ખતમ ન કરવું જોઈએ

# ભારત UNSCનું કાયમી સભ્ય હોવું જોઈએ: ફ્રાન્સ

**ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલીના ૭૯મા સત્રમાં સામાન્ય ચર્ચાને સંબોધતા મેક્રોને કહ્યું, 'જર્મની, જાપાન, ભારત અને બ્રાઝિલ સ્થાયી સભ્યો હોવા જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (દ્બજીઝ)ના સ્થાયી સભ્ય તરીકે ભારતના સમાવેશને ભારપૂર્વક સમર્થન આપ્યું હતું. તેમણે જર્મની, જાપાન, બ્રાઝિલ અને બે આફ્રિકન દેશોના ઉમેદવારોને પણ સમર્થન આપ્યું હતું. ગુરુવારે ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલીના ૭૯મા સત્રમાં સામાન્ય ચર્ચાને સંબોધતા મેક્રોને કહ્યું, 'જર્મની, જાપાન, ભારત અને બ્રાઝિલ સ્થાયી સભ્યો હોવા જોઈએ, સાથે સાથે આફ્રિકાએ પોતાનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. નવા ચૂંટાયેલા સભ્યોનો પણ સમાવેશ થવો જોઈએ. ફ્રાંસના રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્રને વધુ અસરકારક અને પ્રતિનિધિત્વ કરવા માટે તેની અંદર સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો. મેક્રોને કહ્યું, 'સંયુક્ત રાષ્ટ્રને ખતમ ન કરવું જોઈએ, પરંતુ તેમાં આજની વાસ્તવિકતાઓ અનુસાર સુધારો થવો જોઈએ.' તેમણે કહ્યું કે વર્તમાન સુરક્ષા પરિષદ, જે ઘણીવાર વિરોધાભાસી હિતોના કારણે અટકી જાય છે, તેને બદલવાની જરૂર છે. મેક્રોને કહ્યું, 'શું કોઈ સારી સિસ્ટમ છે? મને નથી લાગતું. તો ચાલો આપણે સંયુક્ત રાષ્ટ્રને વધુ અસરકારક બનાવીએ, કદાચ સૌ પ્રથમ તેમાં વધુ પ્રતિનિધિ બનાવીએ.

આ કારણે હું અને ફ્રાન્સ ફરી એકવાર સુરક્ષા પરિષદના વિસ્તરણની તરફેણમાં અવાજ ઉઠાવી રહ્યા છીએ. આ પહેલા ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફ્રોન્ટે પણ સુરક્ષા પરિષદમાં ભારતને સામેલ કરવાની હિમાયત કરી હતી. UNSCમાં કાયમી સભ્યપદ માટેની ભારતની માંગને જો બાઈડન સહિત અન્ય વૈશ્વિક નેતાઓનું સમર્થન મળ્યું છે. યુએસ પ્રમુખે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની તાજેતરની દ્વિપક્ષીય બેઠક દરમિયાન ભારતની બિડ માટે વોશિંગ્ટનના સંપૂર્ણ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. રશિયા પણ કાયમી બેઠકની ભારતની માંગને સમર્થન આપી રહ્યું છે. દેશના વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે વાર્ષિક યુએન ઈવેન્ટ દરમિયાન કાઉન્સિલમાં વિકાસશીલ દેશોના વધુ પ્રતિનિધિત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### બાંગ્લાદેશના પીએમ યુનુસે કર્યો ખુલાસો

# શેખ હસીનાને સત્તાથી હટાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઢાકા, તા.૨૭: નોબેલ પુરસ્કાર વિજેતા અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે સ્વીકાર્યું છે કે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી હટાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. અમેરિકામાં ક્લિન્ટન ગ્લોબલ ઈનિશિયેટિવની બેઠકને સંબોધિત કરતી વખતે યુનુસે બાંગ્લાદેશના વિદ્યાર્થી નેતાઓની પ્રશંસા કરી હતી. આ બેઠકમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને વર્તમાન રાષ્ટ્રપતિ જો બિડેન પણ સામેલ થયા હતા.

યુનુસે પોતાના ભાષણમાં કહ્યું કે વિરોધ પ્રદર્શન પાછળ કોણ છે તે કોઈ કહી શક્યું નથી. જોકે, યુનુસે મહફૂઝ આલમનું નામ લીધું હતું. આ દર્શાવે છે કે હસીનાને દેશની બહાર લઈ જવામાં તેની ભૂમિકા હતી. આ આંદોલન અચાનક શરૂ થયું નથી. તે અત્યંત સાવચેતી સાથે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આંદોલનની આગેવાની પણ તૈયાર કરવામાં આવી હતી. આ નેતા કોણ હતા તે કોઈને ખબર નથી. આ બેઠકમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે પણ મહફુઝ આલમનો પરિચય કરાવ્યો હતો. તેમણે કહ્યું કે જો તમે આ વિદ્યાર્થી નેતાઓના ચહેરા જોશો તો તેઓ સામાન્ય યુવાનો જેવા દેખાશે. પણ જ્યારે તે બોલવાનું શરૂ કરશે ત્યારે તમે પણ કંપી જશો. તેમણે પોતાના ભાષણથી સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. યુનુસે શેખ હસીનાની સરકાર દરમિયાન વિદ્યાર્થી નેતાઓ પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ પહેલા મોહમ્મદ યુનુસે કહ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને પરત લાવવામાં આવે અને જો તેણે કોઈ ગુનો કર્યો હોય તો તેની સામે કાર્યવાહી થવી જોઈએ. ચૂંટણી વિશે વાત કરતાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં ચૂંટણી માટે કોઈ નિશ્ચિત સમય મર્યાદા નથી. ઢાકા ટ્રિબ્યુને તેમને ટાંકીને જણાવ્યું હતું કે, સુધારા માટે રચાયેલા કમિશન આગામી મહિનામાં ભલામણો સબમિટ કરે તેવી અપેક્ષા છે. આ પછી ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવશે. યુનુસે એ પણ જણાવ્યું કે ચૂંટણી લડવાની તેમની કોઈ યોજના નથી.

### વિદેશમંત્રી જયશંકરે ખેલ્યો મોટો દાવ

# આતંકી સંગઠનોને હવે પાક-ચીન પણ નહી બચાવી શકે

**બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા જેવા દેશોએ પણ ભારત સાથે મળીને કહ્યું કે, આતંકી સંગઠનો સામે કડક કાર્યવાહી થવી જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: આતંકવાદ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે હવે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. જોકે હવે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનોના ખરાબ દિવસો શરૂ થઈ જવાના છે. પાકિસ્તાન પણ હવે તેમને નહીં બચાવી શકે. કારણ કે ભારતે હવે એક નવી તરકીબ અપનાવી છે. હવે આતંકવાદની સામે માત્ર ભારત જ નહીં પણ ઈન્ટરનેશનલ લેવલ પર પણ ઘણા દેશોએ અવાજ ઉઠાવ્યો છે.

બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આતંકી સંગઠન જૈશ અને લશ્કર સામે કાર્યવાહી કરવાની માંગ પર ભારતનો સાથ આપ્યો છે. વિદેશમંત્રી જયશંકર સાથે બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી મૌરો વિએરા અને રોનાલ્ડ લામોલાએ આતંકવાદની આકરી નિંદા કરી. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાએ કહ્યું કે આતંકવાદ ક્યાંય પણ હોય, કોઈ પણ સંગઠન દ્વારા કરવામાં આવતું હોય તેની ટીકા થવી જોઈએ. સાથે જ બંને દેશના વિદેશમંત્રીઓએ આતંકી સંગઠનની સામે કડક કાર્યવાહીની પણ માંગ કરી.

સમગ્ર મામલે ભલે ત્રણેય દેશો દ્વારા ચીન કે પાકિસ્તાનનું નામ લેવામાં ન આવ્યું હોય પણ પરોક્ષ રીતે આતંકવાદ મુદ્દે તેમને સંદેશો આપવામાં આવ્યો. ચીન કે પાકિસ્તાનનું નામ લીધા વગર ત્રણેય દેશના મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં આ મુદ્દો ઉઠાવ્યો જેથી હવે ઈન્ટરનેશનલ લેવલ પર ચીન અને પાકિસ્તાન પણ ખુલીને આતંકીઓનો સાથ નહીં આપી શકે.

આપને જણાવી દઈએ કે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા પણ બ્રિક્સ સમૂહના સદસ્ય છે. બ્રિક્સમાં પાકિસ્તાન પણ સામેલ થવા માગે છે. આ જ કારણ છે કે ભારતે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઘેરવાનું શરૂ કરી દીધું. ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનો પર IBSA મંચે પણ સહમતિ દર્શાવી કે આતંકવાદ એક વૈશ્વિક સંકટ છે જેનો મુકાબલો કરવો જોઈએ અને દુનિયાના દરેક હિસ્સાઓ પર આતંકવાદીઓનો ખાત્મો કરવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે ત્રણેય દેશોના મંત્રીઓએ આતંકવાદને રોકવા, તેનો મુકાબલો કરવા દરેક દેશોને તેમની જવાબદારી યાદ અપાવી. ભારતની સાથે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ જણાવ્યું કે આતંકવાદ સામેની લડાઈ આંતરરાષ્ટ્રીય માનવાધિકારના કાયદાઓનું પૂરું રીતે સન્માન કરીને થવી જોઈએ. જોકે ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનોને લઈને એ વાત તો પાક્કી છે કે હવે આતંકી સંગઠનોને પાકિસ્તાન અને ચીન પણ નહીં બચાવી શકે.

# રાજયમાં સાર્વત્રિક વરસાદ ઉમરપાડામાં ૭, ઘોઘામાં ૬ ઈંચ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૭: મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં સાત ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના ઉમરપાડામાં ૭ ઈંચ, ભાવનગરના ઘોઘામાં છ ઈંચથી વધુ નોંધાયો છે. સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ ચાર ઈંચથી લઈને એકાદ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૪૫ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભાવનગરના ઘોઘામાં ગુરુવારે ધોધમાર છ ઈંચ વરસાદ વરસી ગયો છે. ઉપરાંત સુરત જિલ્લાના છેવાડાના તાલુકા ઉમરપાડામાં બુધવારે મોડી રાતથી ગુરુવારની સવાર સુધીમાં સૌથી વધુ ૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. નવસારીમાં ત્રણ ઈંચ અને ખેરગામમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. બીજી તરફ વલસાડ જિલ્લાના ઉમરગામ, વાપી, નવસારી, ગણદેવી, બારડોલી અને તાપીના કુકરમુંડામાં દોઢથી ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉમરપાડામાં ભારે વરસાદના લીધે ભૂખી, વીરા અને મધુબન નદીમાં પાણીની મબલખ આવક થઇ હતી. આસપાસના ગામોને જોડાતા અનેક કોઝ-વે પર પાણી ફરી વળ્યા હતા. ચારણી ગામના લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થઇ ગયો. મધ્ય ગુજરાતમાં બુધવારે ભારે પવન સાથે વરસાદ નોંધાયો હતો. જેમાં વડોદરામાં અલગ અલગ સ્થળે ૫ અને કાલોલ પંથકમાં બે મહિલા સહિત કુલ ૭ વ્યક્તિનાં મોત થયા હતા. વડોદરામાં વાવાઝોડા દરમિયાન એક ચોવીસ વર્ષના યુવાનનું મોત નિપજ્યુ હતુ. પાદરામાં કિરણસિંહ છત્રસિંહ રાઠોડ (ઉ. ૫૦) પર નીલગીરીનું ઝાડ પડતાં મોત નિપજ્યું હતું. પાદરાના ખત્રીપુરામાં વીજ કરંટથી યુવાનનું અને વડોદરાના કપૂરાઇ નજીક મૂળ સુરતના ૪૫ વર્ષના જગદીશ હીરપરાની કાર પર વિશાળ બોર્ડ પડતાં મોત નિપજ્યું હતું.

# ભારતમાં વધુ એક મંકીપોક્સનો કેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: દેશમાં મંકીપોક્સનો વધુ એક કેસ સામે આવ્યો છે. કેરળ પરત ફરેલા એક વ્યક્તિમાં મંકીપોક્સનું સંક્રમણ મળ્યું છે. સંક્રમિત વ્યક્તિ, યુએઈથી એર્નાકુલમ પરત ફર્યો હતો. તપાસમાં તે મંકીપોક્સ સંક્રમિત હોવાની પુષ્ટિ બાદ આઈસોલેટ કરી દેવાયો છે. એક ખાનગી હોસ્પિટલમાં પીડિતને દાખલ કરવામાં આવ્યો છે. સેમ્પલની તપાસ અલપુઝા સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી લેબમાં કરવામાં આવી. સેમ્પલને જીનોમિક સીક્વેન્સિંગ માટે પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવી છે. આ રાજયમાં એમપોક્સનો બીજો અને દેશમાં આ વર્ષનો ત્રીજો મામલો છે.

ઓર્નાકુલમથી પહેલા મલપ્પુરમના એડવન્નાના ૩૮ વર્ષીય વ્યક્તિમાં ૧૮ સપ્ટેમ્બરે મંકીપોક્સની પુષ્ટિ થઈ હતી. જોકે, તેનું સંક્રમણ વાયરસના ક્લેડ ૧બી સ્ટ્રેનના કારણે થયુ હતુ. આ સ્ટ્રેન, ડબ્લ્યૂએચઓ દ્વારા જાહેર પબ્લિક ઈમરજન્સી એલર્ટ હેઠળ આવે છે. તે બાદ તમામ જિલ્લામાં આઈસોલેશન સુવિધાઓ સ્થાપિત કરવામાં આવી છે. સાથે જ મોનિટરિંગ વધુ આકરી કરવામાં આવી.

એમપોક્સ, જેને પહેલા મંકીપોક્સના નામથી ઓળખવામાં આવતુ હતું. આ ઓર્થોપોક્સવાયરસ જીનસની એક પ્રજાતિ મંકીપોક્સ વાયરસના કારણે થનારી વાયરલ બિમારી છે. વાયરસના બે અલગ-અલગ ક્લેડ છે, ક્લેડ I (ઉપક્લેડ Ia અને Ib ની સાથે અને ક્લેડ II (ઉપક્લેડ IIa અને IIb ની સાથે).

### ૧૨થી સીધા ૫ ટકા પર આવી જશે ટેક્સ

# દવા-બાઈક સહિત ૧૦૦ વસ્તુ પર રાહતની શક્યતા

**કેન્દ્ર સરકાર ૧૦૦થી વધુ સામાન પર જીએસટીના દરોમાં ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: મોંઘવારી સામે ઝઝૂમી રહેલા સામાન્ય માણસને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. કારણ કે, કેન્દ્ર સરકાર ૧૦૦થી વધુ સામાન પર જીએસટીના દરોમાં ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. જેમાં જરૂરી દવાઓ, બાઇક અને અન્ય ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, કેન્દ્ર સરકારના મંત્રીઓના જૂથ (GoM) એ GST દરોમાં સુધારો કરવાના પ્રયાસો તેજ કર્યા છે જેમાં ૧૦૦ થી વધુ વસ્તુઓ પરના ટેક્સ દરોમાં સુધારો કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ અંગે પશ્ચિમ બંગાળના નાણામંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે GST ૧૨% થી ઘટાડીને ૫% કરવા પર વિચારણા કરવામાં આવી રહી છે અને આગામી બેઠક ૨૦ ઓક્ટોબરે યોજાશે. આ ૧૦૦ વસ્તુઓમાં બાઇક અને બોટલ્ડ વોટર જેવી મહત્વની વસ્તુઓનો સમાવેશ થાય છે.

GST દરોને તર્કસંગત બનાવવા માટેના મંત્રીમંડળે ૧૨% અને ૧૮% સ્લેબને મર્જ કરવા ઉપરાંત ૧૦૦થી વધુ વસ્તુઓ પર દરો પર ફરીથી કામ કરવાની દરખાસ્તો પર ચર્ચા કરી છે, પરંતુ તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તેનું વિશ્લેષણ કરવાનું બાકી છે. એફએમ ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે સામાન્ય માણસ દ્વારા ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓ પરના ટેક્સના દરો ઘટાડવા જોઈએ અને ખાદ્ય ચીજવસ્તુઓ પરના જીએસટી દરને ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવા જોઈએ. હાલમાં, મોટરસાઈકલ અને તેના પાર્ટ્સ અને એસેસરીઝ પર ૧૨ ટકા જીએસટી લાગે છે, જ્યારે ઈ-સાઈકલ પર પાંચ ટકા ટેક્સ લાગે છે. પશ્ચિમ બંગાળના નાણાપ્રધાન ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે ય્જી દરો પર ફિટમેન્ટ કમિટી દ્વારા વિચારણા કરવામાં આવશે. જેમાં સામાન્ય લોકો દ્વારા ઉપયોગમાં લેવાતી કેટલીક વસ્તુઓ પર જીએસટીના દરમાં ઘટાડો કરવામાં આવશે. તે જ સમયે, કેટલીક લક્ઝરી વસ્તુઓના દરમાં વધારો કરવામાં આવશે, જેથી આવકમાં કોઈ નુકસાન ન થાય.

બુધવારે ગોવામાં બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીના નેતૃત્વમાં મંત્રીઓના જૂથની બેઠકમાં ખાદ્ય ઉત્પાદનો, કૃષિ ચીજવસ્તુઓ, ખાતરો, સ્ટેશનરી અને અન્ય વસ્તુઓ પરના દરોમાં ફેરફાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, કેટલીક વસ્તુઓ પર ટેક્સ દર ૧૨% થી ઘટાડીને ૫% કરવાનો મુદ્દો સામેલ હતો. હાલમાં GST સિસ્ટમ ચાર-સ્તરની કર માળખું છે, જેમાં પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના સ્લેબ છે.

# ભાવનગર નજીક પૂરના પાણીમાં ફસાયેલી બસનું NDRFનું દિલધડક રેસ્ક્યુ

**૨૯ મુસાફરોથી ભરેલી બસ પાણીના પ્રવાહમાં ફસાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભાવનગર, તા.૨૭: ગુજરાતમાં હજુ પણ વરસાદી માહોલ જારી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આજે શુક્રવારે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આ વરસાદને કારણે ગત રાત્રે કેટલાક લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. હકીકતમાં, ભાવનગરના કોળિયાક ખાતે માલેશ્રી નદીમાં ભારે ઘોડાપૂર આવ્યું હતું. જેને કારણે મુસાફરોથી ભરેલી બસ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, જ્યારે બસ પાણીના પ્રવાહમાં ફસાઈ ગઈ ત્યારે તેમાં ૨૭ શ્રધ્ધાળુઓ સહિતઓ ૨૯ લોકો સવાર હતા જેમનો જીવ જોખમમાં મુકાયો હતો. પરંતુ રાહતની વાત એ છે કે, સખત મહેનત બાદ હવે દ્ગડ્ઢઇહ્લએ બધાને બચાવી લીધા છે.

ઉલ્લેખનીય છે કે, માલેશ્રી નદીનું જળસ્તર વધ્યા બાદ ૨૯ મુસાફરો સાથેની બસ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. મોડી રાત્રે બસ વહેતા પાણીમાં ફસાઈ જતાં તમામ મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. બસમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો તમિલનાડુના હતા. આ માહિતી મળતાં જ રેસ્ક્યુ ટીમને ટ્રક સાથે ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ત્યાં રેસ્ક્યુ ટીમે તમામ લોકોને બસમાંથી ઉતારીને ટ્રકમાં ભરી લીધા હતા, પરંતુ પાણીનો પ્રવાહ એટલો વધારે હતો કે ટ્રક પણ પાણીમાં ફસાઈ ગઈ હતી. મુસાફરો અને તેમને બચાવવા ગયેલી રેસ્ક્યુ ટીમ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ જતાં NDRFએ બચાવ કામગીરી શરૂ કરી હતી. આ ઓપરેશનમાં લગભગ ૨ કલાકનો સમય લાગ્યો હતો પરંતુ રાહતની વાત એ છે કે, NDRFએ તમામ લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા. ઉલ્લેખનીય છે કે, પાણીના જોરદાર પ્રવાહ વચ્ચે લોકોને બચાવવા માટે NDRFએ માનવ સાંકળ બનાવી અને તેના દ્વારા દરેકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા.

### મોટાપાયે તબાહી મચાવે તેવી આશંકા

# અમેરિકામાં ત્રાટકનાર વાવાઝોડું આખરે ખતરનાક સ્તરે પહોંચ્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: અમેરિકામાં ત્રાટકનાર હરિકેન હેલેન ખૂબ જ ખતરનાક સ્તરે પહોંચી ગયુ છે. આ વાવાઝોડાને કારણે દક્ષિણ-પૂર્વ અમેરિકાના ઘણા વિસ્તારોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. હેલેન એક વિનાશક કેટેગરી ૪ વાવાઝોડામાં તીવ્ર બની છે. આનાથી તે આ વર્ષે યુ.એસ.માં ત્રાટકનાર સૌથી શક્તિશાળી વાવાઝોડાઓમાંનું એક છે.

એડમિનિસ્ટ્રેશન આગાહી કરે છે કે એટલાન્ટિક વાવાઝોડા આ વર્ષે રેકોર્ડ-ગરમ સમુદ્રના તાપમાનને કારણે સરેરાશ કરતા વધારે રહેશે. હેલેન વર્ષોમાં આ પ્રદેશમાં ત્રાટકનાર સૌથી મોટા વાવાઝોડાઓમાંનું એક હોવાની આગાહી કરવામાં આવી છે. હરિકેન હેલેનની મોટાભાગની શક્તિ મેક્સિકોના અખાતના પાણીમાંથી આવી હતી, જે પહોંચી હતી. યુએસ નેશનલ હરિકેન સેન્ટર અનુસાર, આ તોફાનને કારણે ૨૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડું હાલમાં ટેમ્પાથી લગભગ ૧૯૫ કિલોમીટર પશ્ચિમમાં સ્થિત છે. આ વાવાઝોડાએ ફ્લોરિડામાં ૨૫૦,૦૦૦થી વધુ ઘરો અને વ્યવસાયોને પહેલેથી જ પાવર આઉટ કરી દીધા છે. હવે ફ્લોરિડાના બિગ બેન્ડ વિસ્તારમાં આના કારણે ભારે નુકસાન થવાની આશંકા છે.

કહેવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન ૬ મીટર સુધીના મોજા ઉછળી શકે છે. આ મોટા જોખમને ધ્યાનમાં રાખીને ફ્લોરિડા તટથી ઉત્તર જ્યોર્જિયા અને પશ્ચિમ કેરોલિના સુધીના વિસ્તારમાં તોફાન અને પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે.

# અયોધ્યા, પ્રયાગરાજ, મથુરાના મોટા મંદિરોની પ્રસાદ વ્યવસ્થા અને નિયમોમાં ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા.૨૭: તિરૂપતિ મંદિરના લાડવાના પ્રસાદમાં કથિત ભેળસેળ સામે આવ્યા બાદ ઉત્તર પ્રદેશના મંદિરોમાં એલર્ટ જોવા મળી રહ્યું છે. અયોધ્યા, પ્રયાગરાજ અને મથુરાના મોટા મંદિરોની પ્રસાદ વ્યવસ્થા અને નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. અયોધ્યા મંદિરના મુખ્ય પૂજારીએ બહારની એજન્સીઓ પાસેથી પ્રસાદ લેવા પર પ્રતિબંધ લાદવાની માંગ કરી છે. મથુરા મંદિરે મિઠાઇના બદલે ફળ-ફૂલ અપનાવવાનો નિર્ણય કર્યો છે. પ્રયાગરાજના ત્રણ મોટા મંદિરોમાં પણ પ્રસાદના નિયમોમાં ફેરફાર કર્યા છે.

અયોધ્યામાં રાજ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસે બહારની એજન્સી દ્વારા તૈયાર પ્રસાદ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. તેમણે મંદિરના પ્રસાદમાં ઉપયોગ થનાર ઘીની શુદ્ધતા પર ચિંતા વ્યક્ત કરી અને આગ્રહ કર્યો કે તમામ પ્રસાદ મંદિરના પૂજારીઓની દેખરેખમાં તૈયાર કરવામાં આવે.

સત્યેન્દ્ર દાસે દેશભરમાં વેચાતા તેલ અને ઘીની ગુણવત્તાની ગહન તપાસની જરરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે તિરૂપતિ બાલાજીના પ્રસાદમાં ચરબી અને ફિશ ઓઇલના કથિત ઉપયોગ પર વિવાદ આખા દેશમાં વધી રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે પ્રસાદમાં અયોગ્ય પદાર્થનું મિશ્રણ મંદિરોને અપવિત્ર કરવાનું એક આંતરરાષ્ટ્રીય કાવતરું છે.

બીજી તરફ મથુરામાં ધર્મ રક્ષા સંઘે 'પ્રસાદમ' વ્યંજનોની પ્રાચીન શૈલી પર પરત ફરવાની પોતાની નિર્ણયની જાહેરાત કરી છે.

### અમદાવાદમાં વક્ફ બોર્ડ મુદ્દે મળેલી JPCની બેઠકમાં

# હર્ષ સંઘવી અને ઓવૈસી વચ્ચે રકઝક

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૭: અમદાવાદમાં વક્ફ બોર્ડ મુદ્દે મળેલી JPCની બેઠકમાં વિવાદ થયો છે. વક્ફ સંશોધન બિલ માટે રચાયેલી જોઈન્ટ પાર્લિયામેન્ટ્રી કમિટી ગુજરાતની મુલાકાતે છે. ત્યારે આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને અસદુદ્દીન ઓવૈસી વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. તો બેઠકમાંથી બહાર આવેલા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પણ રોષ વ્યક્ત કર્યો.

ખેડાવાલાએ આરોપ લગાવ્યો કે સરકાર અને ગૃહ રાજ્યમંત્રી ફક્ત દેખાડો કરી રહ્યા છે. વક્ફ બોર્ડના સભ્યોએ રજૂ કરેલું પ્રેઝન્ટેશન પણ સરકારે કહ્યા મુજબનું છે, અને આ પ્રેઝન્ટેશન અમારા સમર્થનમાં નથી. અમે અમારા મુદ્દાઓ પર વળગેલા છીએ અને કલેક્ટરને સત્તા આપવા મુદ્દે અમારો વિરોધ છે. કમિટીના અધ્યક્ષ જગદંબિકા પાલ અને અસદુસીન ઓવૈસી સહિતના ૩૧ સભ્યો અમદાવાદ સિંધુભવન રોડ સ્થિત એક હોટલમાં ભેગા થયા. સંયુક્ત સંસદીય કમિટી ગુજરાત વક્ફ બોર્ડના સભ્યો તેમજ રાજકીય પાર્ટીના સભ્યો અને ધારાશાસ્ત્રીઓ પણ બેઠકમાં હાજર રહ્યા.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પ્રત્યેક નાગરિકોના હિતમાં સુધારાને લગતાં રાજ્ય સરકારના તમામ સૂચનો JPC કમિટીને આપી દેવાયા છે. JPCની વાતો બહાર ન થઈ શકે પરંતુ નાગરિકોના હિતમાં જે વિષય હતા તે મુદ્દે મેં ફરજ અદા કરી છે. સૂચનોની સંપૂર્ણ માહિતી JPC કમિટીના નિયમ પ્રમાણે સૌ મીડિયાને આપી દેવાશે. વક્ફ બોર્ડના નિયમો અને કાયદાને લઈને થયેલી બોલાચાલીના મુદ્દે તેમણે કંઈપણ બોલવાની મનાઈ કરી હતી.

JPC આગામી દિવસોમાં હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરમાં પણ બેઠકો યોજાવાની છે. વક્ફ સંશોધન બિલની અનિવાર્યતા અંગે આ JPC એટલે કે સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં ૩૧ સાંસદોનો સમાવેશ થાય છે. કમિટીમાં ૨૧ લોકસભાના અને ૧૦ રાજ્યસભાના સાંસદો છે.


દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 28, September 2024

# દમણગંગા ટાઈમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## વાપીમાં વરિષ્ઠ વકિલના ખોટા સહી-સિક્કાથી બારોબાર કોર્ટમાં અરજી દાખલ કરી દેવાતાં ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૭:** વાપીની કોર્ટમાં પ્રેક્ટિસ કરતા સિનિયર વકીલના નામનો ખોટો સિક્કો અને સહીનો ઉપયોગ કરી રજીસ્ટર એડી વડે વાપી કોર્ટમાં અરજી કરાયાની વકીલને જાણ થતા જ તેઓએ તપાસ કરતા જે દિવસે અરજીની કોપી રજીસ્ટર થઈ તે સમયે તેઓ તેમના વતનમાં કાકીને મરણ વિધિમાં હોવાનું જણાવતા અને સહી પણ ખોટી જણાવતા વાપી ટાઉન પોલીસ મથકમાં અજાણ્યા વિરુદ્ધ ફરિયાદ કરાય છે.

વાપી હરિયા પાર્કમા રહેતા રવિન્દ્રનાથ સંતપ્રસાદ પાંડે છેલ્લા ૨૧ વર્ષથી વાપીની કોર્ટમાં પ્રેક્ટિસ કરતા આવ્યા છે. ગત ૪થી સપ્ટેમ્બરના રોજ વતન રહેતા રવિન્દ્રનાથ પાંડેના કાકીનું અવસાન થતાં તેની ક્રિયાકર્મ કરવા ઉત્તર પ્રદેશના દેવરિયા ખાતે ગયા હતા. ત્યાંથી ૧૧મી સપ્ટેમ્બરના રોજ યુપીથી વાપી આવ્યા હતા. ત્યારબાદ વાપીની કોર્ટમાં રવિન્દ્રનાથ પાંડે પ્રેક્ટિસ કરી રહ્યા હતા. ત્યારે કોર્ટમાં રવિન્દ્રનાથ પાંડેએ વાપીના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટના જજને સંબોધીને કરેલી અરજી બાબતે કોર્ટે રવિન્દ્રનાથ પાંડેને પૂછ્યું હતું. જે બાદ રવિન્દ્રનાથ પાંડેએ કોર્ટમાં આવેલી અરજીની કોપી મંગાવતા અરજીમાં કરેલી સહી અને તેના નામનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. રવિન્દ્રનાથ પાંડેની કામગીરીને લાંછન લાગે તેવા બદ ઈરાદે ખોટા નામ અને ખોટી સહીનો ઉપયોગ કરી ખોટી અરજી કરવામાં આવતા વાપી ટાઉન પોલીસ મથકે BNSની કલમ ૩૧૯ (૨), ૩૩૬ (૨), (૩), (૪) ૩૪૦ (૨), ૩૫૬ (૨) મુજબ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ વાપી ટાઉન પોલીસની ટીમે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## ઉમરગામ જીઆઈડીસીમાં ગ્લાસ બનાવતી કંપનીમાં આગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૨૭:** ઉમરગામ જીઆઈડીસી વિસ્તારમાં ગ્લાસ બનાવતી કંપનીના પેકેજીંગ મટીરીયલમાં આગ લાગી હતી. ઘટના અંગે જાણ થતા ઉમરગામ નોટીફાઈડ અને ઉમરગામ નગરપાલિકા ફાયર ફાઈટર ઘટના સ્થળ પર આવી પહોંચ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને લઈ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળ પર આવી પહોંચ્યા હતા. ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. આગ કયા કારણથી લાગી તે અંગે હાલ તપાસ ચાલી રહી છે. જોકે કંપનીના પહેલા માળે પેકેજીંગ મટીરીયલ બળીને ખાખ થઈ ગયું હતું.

## ભીલાડમાં ૨૦ વર્ષ પૂર્વે લૂંટ પ્રકરણના બે આરોપી ઝડપાયા

### એક આરોપી સંજાણથી અને એક વલવાડાથી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૭:** ભીલાડમાં ૨૦ વર્ષ અગાઉ એક યુવકને રિવોલ્વર, ગુપ્તી અને ચાકુ જેવા હથિયાર બતાવી બંધક બનાવી રોકડા રૂપિયાની લૂંટ ચલાવનાર બે આરોપીને એસઓજી પોલીસે વલવાડા ઓવરબ્રિજ તેમજ સંજાણ ચાર રસ્તા બ્રિજ નીચેથી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરગામના ભીલાડ ખાતે વર્ષ ૨૦૦૪માં હેમંતભાઈના ગેરેજ પાસે કેટલાક ઈસમો મારૂતિ ફ્રન્ટી કારમાં બેસીને આવ્યા હતા અને ફરિયાદીને રિવોલ્વર, ગુપ્તી, ચાકુ જેવા હથિયાર બતાવી તેને બાંધીને રોકડા રૂ. ૨૩,૫૦૦ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે જે તે સમયે આરોપીઓની ધરપકડ કરી હતી. જોકે તેમાં ફરાર ચાલી રહેલા બે આરોપીને પકડવા જિલ્લા એસપી ડો. કરનરાજ વાઘેલાની સુચના અને એસઓજી પીઆઈ એ. યુ. રોઝના માર્ગદર્શન મુજબ હ્યુમન સોર્સીસ અને ટેક્નિકલ સોર્સિસના આધારે તપાસ દરમિયાન એએસઆઈ વિક્રમભાઈ મનુભાઈને મળેલી બાતમીના આધારે એક આરોપીને વલવાડા ઓવરબ્રિજ નીચેથી પકડી પાડી કાર્યવાહી હાથ ધરાઈ હતી. આરોપી મનોજ પારસનાથ સિંગ ઉ.વ. ૪૯ રહે. ફ્લેટ નં.એ-૪૧૦ વર્ધમાન બિલ્ડિંગ નવીનગરી ચીકુવાડી નામધા વાપીને ઝડપી પાડ્યો હતો અને આરોપી અન્ય કોઈ ગુનામાં સામેલ છે કે કેમ તેની પણ સઘન પૂછપરછ હાથ ધરાઈ છે. લૂંટ કર્યા બાદથી પોલીસે તપાસ કરતા તે વતન તેમજ સંભવીત સ્થળો ઉપર મળી આવ્યો ન હતો. આખરે આરોપી વલવાડા હાઈવે બ્રિજ નીચેથી ઝડપાયો હતો. તેવી જ રીતે અન્ય એક આરોપી રુદલ સીતારામ યાદવ ઉંમર વર્ષ ૪૯ હાલ રહે ગીતા નગર વાપી મહેશભાઈની ચાલનો પણ આ કેસમાં આરોપી હતા અને તેઓ છેલ્લા ૨૦ વર્ષથી નાસ્તા-ફરતા હોય આજે એએસઆઈ વિક્રમ મનુભાઈને મળેલ બાતમીને આધારે આરોપી ઉમરગામ તાલુકાના સંજાણ ચાર રસ્તા બ્રિજ નીચે હોવાની બાતમી મળતા તેઓએ તાત્કાલિક સંજાણ પહોંચી આરોપી રુદલ યાદવને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાપી ફાટક ખુલ્લું કરાતાં પૂર્વ-પશ્ચિમના વાહન ચાલકોને રાહત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૭:** વાપીમાં છેલ્લા પાંચ દિવસથી બંધ કરાવી લો બસ ડેપો સામેનો હંગામી રેલવે ફાટકને આજે રીપેરીંગ કામ પૂર્ણ થતા જ ખુલ્લો મુકવામાં આવતા વાહન ચાલકોને રાહત થવા પામે છે.

વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતો રેલવે ઓવરબ્રિજને ઉતારી તેના સ્થળે નવો રેલવે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેને લઈ વાપી બસ ડેપો પાસે હંગામી ધોરણે રેલવે ફાટક શરૂ કરવામાં આવી હતી. જે રેલવે ફાટકની કામગીરીને લઈ તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે આઠ વાગ્યાથી ૨૬ સપ્ટેમ્બર રાત્રે બાર વાગ્યા સુધી આ ફાટક સંપૂર્ણપણે બંધ રાખી રેલવે વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી જે રેલવે ફાટકનું રીપેરીંગ કામ પૂર્ણ થતા આજે તા.૨૭-૯-૨૦૨૪ને શુક્રવારના રોજ વહેલી સવારથી રેલવે ફાટક શરૂ કરી દેવામાં આવ્યું છે જેને કારણે આ ફાટક ઉપરથી પસાર થતા વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ દૂર થશે સાથે વાપીમાં આવેલ જુના અને નવા રેલ્વે અંડર બ્રિજ પાસે થતી ટ્રાફિકની સમસ્યાથી પણ લોકોને રાહત થવા પામી છે.

## વાપીની પીએફ કચેરીમાં લાંચ પ્રકરણમાં આરોપીના જામીન નામંજુર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૭:** વાપીની પીએફ કચેરીમાં રૂપિયા પાંચ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયેલા આસિસ્ટન્ટ કમિશનરની જામીન અરજીના મંજૂર કરવાનો હુકમ વાપીના સ્પેશિયલ જજ ટી.વી. આહુજા દ્વારા કરાયો છે.

વાપીના એક જાગૃત નાગરિક પાસે તેમની કંપનીના પીએફના નાણા અંગેનો પેન્ડિંગ કેસની પટાવટ કરવા અંગે વાપીની પીએફ કચેરીના આસિસ્ટન્ટ કમિશ્નર હર્ષદકુમાર લખુંજીભાઈ પરમાર દ્વારા પાંચ લાખ રૂપિયાની લાંચ માંગી હતી જે અંગે ફરિયાદી લાજની રકમ આપવા માંગતો ન હોય તેઓએ એસીબીનો સંપર્ક કરી તા. ૮-૯-૨૦૨૪ ના રોજ વાપીની પીએફ કચેરીમાં રૂપિયા પાંચ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયેલા આરોપી હર્ષદકુમાર લખુજી સામે કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવી હતી. જે અંગે આરોપીએ જામીનમુક્ત થવા માટે વાપીની સ્પેશિયલ કોર્ટના જજ આહુજાની કોર્ટમાં કરવામાં આવી હતી જે અંગેની અરજી સંદર્ભે ડીજીપી અનિલભાઈ ત્રિપાઠીની દલીલોને રાખી આરોપીની રેગ્યુલર જામીન નામંજૂર કરવાનો હુકમ કરાયો છે.

**યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું**

વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London) નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.

સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737

સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

**દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ**



વ્હાલી મમ્મી, આજે તારી દ્વિતીય પુણ્યતિથિએ યાદ કરતા હૈયું ભરાઈ આવતાં આંખમાંથી આંસુ ટપકે છે. તમારા મધુર સ્મરણો અંકિત છે. અમારા હૃદયમાં તમારા કર્મોની સુભાષ જીવંત છે. અમારી શ્વાસમાં સંદેહ તમે નથી, એ સચ્ચાઈ છે. પણ અસ્તિત્વમાં તમે છો. અને હંમેશા રહેશો. એ વિશ્વાસ છે. પ્રભુ ! આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ.તારાબેન હર્ષદભાઈ દેસાઈ (વટાર)
સ્વ. તા.૨૯-૦૯-૨૦૨૨ (ગુરુવાર)

લિ.
ટીનુ, પપ્પુ, પીન્કી
હર્ષદ દેસાઈ, ગ્રામીણ પત્રકાર (વટાર)

DAHANU BASED REPUTED FIRM REQUIRE

SITE - SUPERVISOR
Candidate with minimum 3 years of experience and knowledge on construction work.

ACCOUNTANT
(Male / Female) with qualification B.Com, with 2 to 5 years of experience and should be conversant with computerized accounting package along with knowledge of GST & TDS

OFFICE BOY
Male with qualification 10th / 12th pass having minimum 2 years of experience and knowledge of office day-to-day work. Knowledge of Dahanu / Mumbai area is must.

PEON
Male with qualification 10th pass having minimum 2 years of experience.

Apply with detailed Resume within 10 days from this Advertisement to
jitenagro@gmail.com. / OR CALL ON 022-61363636

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વિકસિત ભારત વિકસિત ગુજરાત



# ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ નિયંત્રણ સૌની જવાબદારી

## સાવચેતીના પગલાં



ઘરની આસપાસ ફૂલદાની, કૂંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોમાં પાણી ભરાઈ ના રહે તે જોવું



વરસાદી સિઝન દરમિયાન નકામા પાત્રો જેવાં કે, બોટલ, ટીન, ટાયર અને નાળિયેરની કાચલી, ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવાં નહીં



ડૉક્ટરની સલાહ વગર ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખવો નહીં



પાણીની ટાંકીને ઢાંકીને રાખો



ફ્રિઝની ટ્રે અને એ.સી. નું જમા થતું પાણી નિયમિત ખાલી કરો

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં

**જરૂરી સંદેશ**

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ ઈજિપ્તી મચ્છરના કરડવાથી થાય છે અને તેને અટકાવી શકાય છે

એડીસ ઈજિપ્તી મચ્છર દિવસે કરડે છે

## ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા આટલું જરૂર કરવું

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો.
- દર અઠવાડિયે ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ અને કુલર જેવા પાણી સંગ્રહના તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- ઘર, ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો નાશ કરવો.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં.
- તાવ દરમિયાન નજીકનાં આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લો અને અને આરામ કરો

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**